




# અંકુર

## મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા















વાર્ષિક અહેવાલ

૨૦૧૪-૨૦૧૫

**સ્મરણ યાત્રા**








## RESORT Facilities


- **Restaurant** (Centrally A.C.)
  Multi Cuisine Food
- **Garden Restaurant**
  Multi Cuisine Food
- **Food Court**
  Delicious Snacks
- **Greenland** (Marriage Lawn)
  Capacity - 100 to 1000
- **Greenland** (Marriage Lawn)
  Capacity - 1000 to 7000
- **Diamond Marriage Hall**
  Capacity - 900 (Centrally A.C.)
- **Emerald Marriage Hall**
  Capacity - 900 (Centrally A.C.)
- **Sapphire Banquet Hall**
  Capacity - 300 (Centrally A.C.)
- **Ruby Conference Hall** (A.C.)
  Capacity - 75
- **Rooms** (A.C.)
  - Premium Room
  - Royal Suite
  - Super Deluxe Room (24 Beds)
- **Catering** (Indoor / Outdoor)
- **Indoor Games Zone** (A.C.)
- **Outdoor Games**
- **Outside Catering allowed**
  **(Big Marriage Hall & Big Party Plot)**

## EVENTS

- MARRIAGES
- RECEPTION CELEBRATIONS
- RING CEREMONIES
- ANNIVERSARIES
- BIRTHDAY PARTIES
- CONFERENCES & MEETINGS
- KITTY PARTIES
- CORPORATE EVENTS
- EXHIBITIONS
- DIWALI DHAMAKA
- NEW YEAR GRAND FESTIVAL








**RANGOLI PARK**
**HOTEL & RESORT**

Rangoli Circle, Vartej, Bhavnagar. (Guj.) India.
Mob : 9428829116 • 9727975555
Tel : 0278 - 2540540 • 2540099

rangoliparkresort@gmail.com | www.rangoliparkresort.com

# વાર્ષિક અહેવાલ
# ૨૦૧૪-૧૫

## અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા



| | |
|---|---|
| સંપાદન | : શ્રી વિનોદ હકાણી |
| | શ્રી શશીકાંતભાઇ વડીયા |
| સંકલન | : શ્રી નેહલ ગઢવી |
| | શ્રી આરીફ જેઠવા |
| હિસાબી અહેવાલ | : શ્રી વિનુભાઇ રાઠોડ |
| | શ્રી પ્રમોદભાઇ ગાંધી |
| ટાઇપ સેટીંગ્ઝ/લે-આઉટ | : શ્રી મનહર ચૌહાણ |

# "ANKUR" IS WORKING AS AN N.G.O. UNDER ONE UMBRELLA OF P.N.R. SOCIETY, BHAVNAGAR.

**VISION :**

To bring wellness in the life of mentally retarded children to enable them to become self dependent and socially participativ

**MISSION :**

To bring about improvement in the life of mentally challenged children and nurture and energize them by providing a wide range of unique vocational training, practical learning and qualitative services which may empower them to meet their special needs.

## લીગલ સ્ટેટસ:-

- ટ્રસ્ટ રજી. નં. ઈ.૪૫૯ તા. ૨૫/૦૧/૧૯૮૦
- પી.ડબલ્યુ.ડી. એક્ટ ૧૯૯૫ રજી.નં. ૭૨/૯૭
- નેશનલ ટ્રસ્ટ રજી. નં. ૬૧૫ (એમ.આર) તા. ૦૩/૦૧/૨૦૧૨
- ઇન્કમટેક્ષ PAN-AAATA2757Q
- અરૂણિમ (નેશનલ ટ્રસ્ટ) મેમ્બરશીપ નં- ૨૦૨૪
- ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એક્ટ રજી. નં.૦૪૧૯૮૦૦૬૨ તા. ૨૭/૦૧/૨૦૦૯
(સંસ્થા વિદેશી દાન માટે અધિકૃત છે તથા શેર એન્ડ કેર ફાઉન્ડેશન અમેરિકા સાથે જોડાયેલ છે.)
- ડોનેશન ઈન્કમ ટેકસ એક્ટ સેકશન ૮૦-જી (૫૦%) તથા ૩૫-એ.સી. અન્વયે (૧૦૦%) કરમુકત.

## સંપર્ક

'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા
પ્લોટ નં.૧૯૪૫, વર્કિંગ વિમેન્સ હોસ્ટેલ પાસે, સરદારનગર સર્કલ,
ભાવનગર - ૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)
ફોન નં.:(૦૨૭૮) ૨૫૬૬૯૫૬ / ૨૫૭૩૦૩૮

---

Ankur Special School for Mentally Retarded Children
Plot No. 1945, Nr. Working Women's Hostle, Sardarnagar Circle,
Bhavnagar - 364 002 (Gujarat - India)
Phone : (0278) 2566956 / 2573038
E-mail: ankurmrschool.bvn@gmail.com
Visit us : www.pnrsociety.org
http://www.facebook.com/AnkurSpecialSchoolFormantallyRetardedChildren

# પ્રસ્તાવના

બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ વતી સ્કૂલ સ્ટાફ તથા સર્વ કાર્યકર્તાઓ અને દાતાઓ તથા સર્વ સંલગ્ન લોકોના હાથમાં અંકુરનો ૩૨ મો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૪-૧૫ નો મુકતાં આનંદની લાગણી અનુભવીએ છીએ.

વર્ષ ૨૦૧૪-૧૫ અનેક રીતે ખાસ બની રહયું, 'અંકુર' જયાં એક વખત બાળકોની સંખ્યા પૂરી થતી ન હતી. ત્યાં ગત વર્ષે અમુક બાળકોને ઉંમરને લીધે કાયમી વિદાય આપ્યા પછી પણ ૧૪૭ બાળકો સ્કૂલમાં અને ૨૩ બાળકો એડલ્ટ ટ્રેનીંગ સેન્ટરમાં મળી કુલ ૧૭૦ બાળકોની સંખ્યા જે વિક્રમ કહી શકાય તે રહી. આ બાળકોના સર્વાંગી વિકાસ માટે ઈન્ચાર્જ પ્રીન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીના નેતૃત્વમાં સનિષ્ઠ શિક્ષકોની ટીમે અવિરત પ્રયત્નો કર્યા અને જે સિધ્ધીઓ મળી છે. તે માત્ર શૈક્ષણિક ક્ષેત્રે જ નહીં પણ અન્ય ક્ષેત્રો જેવા કે સાંસ્કૃતિક, રમત-ગમત, પ્રવાસન વગેરે ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર છે.

વર્ષ ૨૦૧૪-૧૫ મંદબુદ્ધિ બાળકોનાં પ્રવાસન ક્ષેત્રનાં ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. 'અંકુર' ના ૮૦ બાળકોને લઈને તા. ૨૧/૦૨/૨૦૧૫ થી તા. ૦૩/૦૩/૨૦૧૫ દરમ્યાન ૧૧ દિવસ માટે શ્રીનાથજી, દિલ્હી, હરીદ્વાર, આગ્રા, જયપુર વગેરે સ્થળનો પ્રવાસ અને ગંગા સ્નાન કરાવવાનું પડકાર ભર્યું કાર્ય સંપન્ન થયું. સલામ એ દાતાશ્રી પિનાભાઈ ગુજરાતી (વલભીપુર) અને તેમના પરિવારને જેવોએ આ સ્વપ્ન જોયું, સલામ એ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી અને તેમની ટીમને જેમણે આ સ્વપ્ન સાર્થક કરવાનું બીડું ઝડપ્યુ. સલામ શ્રી બિન્દીબેન ત્રીવેદીને જેઓએ માત્ર સંયોજક તરીકેની નહીં પણ પ્રવાસમાં પણ સાથે રહીને માર્ગદર્શન અને ઉત્સાહ પુરા પાડયા અને સલામ આ બાળકોને જેમણે આ પ્રવાસ ખેડયો. પ્રવાસનું વર્ણન અહેવાલમાં વાંચશો તો કોઈ નવલકથા કે સાહસ કથા વાંચતા હો તેવો રોમાંચ અને આનંદ થશે.

વર્ષ ૨૦૧૪-૧૫ માં રમત-ગમત ક્ષેત્રે પણ આપણા બાળકોએ અનેક સિધ્ધિઓ મેળવી. રાષ્ટ્રીય સ્તરે હેન્ડબોલમાં નેશનલ ચેમ્પીયનશીપમાં શ્રેયા ચાવડા તથા બોચીમાં હિતેશ ધોળકીયા અને મહિપાલસિંહ જાડેજા ઝળકયા. ખેલ મહાકુંભમાં તો આપણે ચંદ્રકોનો ઢગલો કરી દીધો. જીલ્લાકક્ષાએ ૧૨ ગોલ્ડ, ૯ સિલ્વર, ૭ બ્રોન્ઝ તથા રાજયકક્ષાએ ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી 'અંકુર'નું નામ રોશન કર્યું. આ યશના અધિકારી છે બાળકો તથા તેમને તૈયાર કરનાર આચાર્યશ્રી મેઘજીખાન તથા સ્પોર્ટસ ટીચર સર્વશ્રી સંદિપભાઈ મહેતા અને અવનીબેન દવે.

વર્ષ દરમ્યાન વિવિધ તહેવારોની ઉજવણી કરી 'અંકુર' દ્વારા આપણી સંસ્કૃતિને અને સાંસ્કૃતિક વારસાની જાળવણી કરવાનો તથા બાળકોમાં પણ તે ઉતરે તેનો સનિષ્ઠ પ્રાયસ કર્યો. આમ, સાંસ્કૃતિક બાબત માત્ર એક/બે કાર્યક્રમ પુરતી નહીં પણ બાળકોની રોજ-બરોજની જીંદગીમાં આવે અને બાળકોની જીવનશૈલી સાથે ઓતપ્રોત થઈ જાય એવી દ્રષ્ટિ અને એવી માવજત દ્વારા 'અંકુર' ફરી એક વખત આ ક્ષેત્રમાં પણ આગળ રહયું.

વર્ષ દરમ્યાન દાનની સરવાણી પણ અવિરત ચાલુ રહી એ માટે દાતાઓનો તથા તે માટે સનિષ્ઠ પ્રયાસો કરવા માટે શ્રી નટવરભાઈ દેસાઈ, શ્રી પ્રકાશભાઈ દેસાઈ તથા અન્ય નામી-અનામી કાર્યકરો જેઓએ આ માટે પ્રયાસો કર્યા છે તેમનો આ તકે આભાર માનીએ છીએ.

દાનની અને અન્ય આવકનો યથા યોગ્ય ઉપયોગ અને વહીવટ કરવા માટે 'અંકુર' સતત પ્રયત્નો કરતું રહયું છે અને તેના પરિણામે બાળકોને યુનિફોર્મ, રિક્ષા અને મેડીકલ સહાય વગેરે આપવા માટે આપણે સક્ષમ બન્યા છીએ.


વર્ષના અંત પહેલા, ફેબ્રુઆરી ૨૦૧૫ થી મુંબઈના આપણા આધારસ્તંભ શ્રી નટવરભાઇ દેસાઈના સુપુત્ર તથા 'અંકુર'માં અંગત અને ઉંડો રસ ધરાવનાર શ્રી પ્રકાશભાઇ દેસાઈ ટ્રસ્ટી તરીકે આપણી સાથે જોડાયા છે. તથા મુંબઈના શ્રી જયેશભાઇ દેસાઈ કારોબારીના અને સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય તરીકે જોડાયા છે. તેમને સહર્ષ આવકારીએ છીએ અને તેમના સ્વપ્ન અને દ્રષ્ટિ પ્રમાણે 'અંકુર'ની કાયાપલટ કરવા માટે આવતા વર્ષમાં આપણે સહુ સહિયારો પ્રયાસ કરીએ. આ પ્રયાસની શરૂઆત થઈ ચુકી છે આપણી સંસ્થાના પાંચ શિક્ષકો મુંબઈની અગ્રગણ્ય વિશિષ્ટ શાળાઓની મુલાકાત લઈ આવ્યા છે અને આપણે માટે યોગ્ય અને જરૂરી ફેરફારો શાળાના શૈક્ષણિક અને માળખાકીય માહોલમાં કરવાની શરૂઆત થઈ ચુકી છે.

વર્ષ દરમ્યાન સરકારી સહાય કે ગ્રાન્ટ પેટે સરકારી સેટઅપના શિક્ષકોના પગાર સિવાય કોઈ રકમ આવેલ નથી. છતાં સંસ્થાએ પોતાની રીતે બાળકો અને સ્ટાફ માટે શ્રેષ્ઠ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. કરકસર યુકત વહિવટ છતાં સરકારી ગ્રાન્ટ/સહાયના અભાવમાં ૪ લાખ ૧૦ હજાર જેવી ડેફીસીટ રહેલ છે. જે આપ એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં જોઈ શકશો.

વર્ષ દરમ્યાન સંસ્થાને અને સંસ્થાના વહિવટ માટે સહાય અને માર્ગદર્શન આપવા માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, આપણા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અનંતભાઈ કે. શાહ (શ્રી બાબાભાઈ), પી.એન.આર. સોસાયટી તથા તેને સંલગ્ન અન્ય સંસ્થાઓ અન્ય સૌ નામી-અનામી કાર્યકર્તાઓ, આચાર્યશ્રી અને શૈક્ષણિક સ્ટાફ તથા વહીવટી સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.


આપના પ્રતિભાવની અપેક્ષા સહ.
આપના સહૃદયી.

| | | |
|---|---|---|
| અનંત એ. શાહ (મફતભાઈ) | વિનોદ એન. હકાણી | અલ્પેશ કે. શેઠ |
| (મેન્ટર) | (માનદ્ ટ્રેઝરર) | (માનદ્ મંત્રી) |



# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧. | અંકુર એક પરિચય | ૯ |
| ૨. | ટ્રેઈનીંગ, લર્નીંગ એન્ડ ડેવલપમેન્ટ | ૧૫ |
| ૩. | અમારી ગુણોપાસનાની સમાજે લીધેલી નોંધ | ૧૯ |
| ૪. | વિશિષ્ટ પ્રસંગો, પ્રવૃતિઓ | ૨૦ |
| ૫. | એડલ્ટ વોકેશનલ એન્ડ ક્રિયેટીવીટી ટ્રેનીંગ સેન્ટર | ૪૧ |
| ૬. | નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી | ૪૩ |
| ૭. | ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજ | ૪૪ |
| ૮. | દાન માટેની વિવિધ યોજનાઓ | ૪૭ |
| ૯. | મુલાકાતીઓ અને મહેમાનો | ૫૦ |
| ૧૦. | ઋણ સ્વિકાર | ૫૨ |
| ૧૧. | 'અંકુર' પરિવાર : સ્ટ્રેન્થ અને સ્ટ્રકચર | ૫૪ |
| | દાનની અપીલ | ૫૮ |
| | સંસ્થાની જરૂરીયાતની યાદી | ૫૯ |
| | ફાઈનાન્સીયલ હાઈલાઈટસ | ૬૧ |


HIGHLIGHTS OF ACTIVITIES

ANKUR SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN, BHAVNAGAR

- DETECTION AND DIAGNOSIS CAMPS
- SCREENING AND ADMISSION
- PARENT'S COUNSELING



# સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર
# સ્વ. કાંતિકાકાને શ્રધ્ધાંજલિ



આપણી સંસ્થા પરિવારમાં સૌના પ્રિય સ્વ. કાંતિભાઈ લલ્લુભાઈ મહેતા, જેઓ આખા ગામમાં ''કાકા'' તરીકે જાણીતાં હતાં. તેમનું ટૂંકી બિમારીમાં અચાનક અકાળે તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ ના અવસાન થતાં, સંસ્થા પરિવારમાં સૌ કોઈએ ઉંડા આઘાતની લાગણી અનુભવી.

સામાન્ય મધ્યમવર્ગ પરિવારમાં ઉછરેલા સ્વ. કાંતિભાઈએ, ગરીબી જોઈ હતી. અને તેથી જ તેમના હૃદયમાં હંમેશા દયા અને કરૂણાનું ઝરણું વહેતું હતું. આપબળે આગળ વધેલા સ્વ. કાંતિકાકાએ, સેન્ટ્રલ સોલ્ટમાં કારકૂનની નોકરીમાંથી કારકિર્દી શરૂ કર્યા પછી નોકરી છોડી અને પોતાના લઘુ બંધુઓ સાથે ક્વોલિટી કેમિકલ્સ નામે પેઢીની શરૂઆત કરી, અને આમ જ પોતાની કોઠાસુઝ અને દીર્ઘ દ્રષ્ટિથી સફળતાના શિખર સર કર્યા, અને સમગ્ર પરિવારના તારણહાર બની રહયાં.

પી.એન.આર. સોસાયટી ઉપરાંત બહેરાં મૂંગા શાળા, સાથોસાથ તેમણે 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા, લોઢાવાળા હોસ્પિટલ, એન.એ.બી. જિલ્લા શાખા અને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રિઝ વગેરેમાં લાગલગાટ પચાસ વરસ સુધી સેવા આપી હતી. આવી અનેક પ્રવૃત્તિ ઉપરાંત, દેશભરમાં પોલિયો ઓપરેશન અને કચ્છના ધરતીકંપમાં પણ તેમણે કપરી કામગીરી બજાવી હતી. તેઓ ધર્મપરાયણ, દયાળુ, પરોપકારી, અને મિલનસાર સ્વભાના સૌના મિત્ર હતાં.

અંકુર પરિવાર તેમના માનિતા કાંતિકાકાને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ આપે છે અને એમના આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના...

# સ્વ. રમણિકલાલ મનોરદાસ શાહને શ્રધ્ધાંજલિ



આપણી સંસ્થા પૂર્વ ટ્રસ્ટીશ્રી રમણિકલાલ મનોરદાસ શાહનાં તા. ૧૪/૧૨/૨૦૧૪, ના રોજ અવસાનના સમાચાર સાંભળી 'અંકુર' પરિવારે ખૂબ જ આઘાત અનુભવેલ.

જીવનનું પ્રથમ પગલું તે મૃત્યુ તરફનું પણ પ્રથમ પગલું છે. જીવનના સંબંધોની એક નીયતી મૃત્યુનો સ્વીકાર પણ છે. બસ આપણે તો સાક્ષી બની આ બધી ઘટનાઓને જોવાની હોય છે, પણ અમુક જીવન અમુક સંબંધો અને તેની આસ-પાસની ઘટનાને આટલી સહજતાથી સ્વીકારી શકાતી નથી. કારણ કે વ્યકિત અને તેની સાથેના સંબંધએ આપણા જીવવાનું પ્રેરકબળ હોય છે. માનનીયશ્રી રમણિકભાઈ આવું જ એક વ્યકિતત્વ હતા. અનેક સંસ્થાના આધાર હતા અને અનેક લોકોના સાક્ષી હતા. તેમના હોવાથી અનેક દુઃખી લોકોના જીવનમાં વિશ્રાંતી હતી.

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા શરૂ કરવા માટે તેમના ગીતા પાઠશાળાનું મકાન આપેલ ત્યારથી લઈ આજ સુધીનાં વિકાસ પાછળ તેમનો સહયોગ રહયો છે.

'અંકુર' પરિવાર તેમને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ પાઠવે છે.

આ જીવન તો સાગરખેપ છે
આપણે એક નૌકામાં હમસફર છીએ
મૃત્યુ આરે પહોંચશું અને
સહુ પોતપોતાના મુકામની વાટ લેશું

- રવીન્દ્રનાથ ટાગોર

## ૧: અંકુર એક પરિચય


''જીવન એક અરીસા સમાન છે,
તેના તરફ મલકાશો તો મોહક લાગશે,
ધુરકશો તો બેડોળ લાગશે.''

### ૧. અંકુર એક પરિચય :


'અંકુર' એક પ્રયાસ છે 'સ્વ' ની ઓળખનો. 'અંકુર' એક યાત્રા છે શુન્યમાંથી સર્જન કરવાની. 'અંકુર' એક શાળા છે જે સમાજ દ્વારા અસ્વીકૃત મંદબુદ્ધિ બાળકોને સ્વનિર્ભર કરી સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો અવિરત પ્રયાસ કરે છે, છેલ્લા ૩૫ વર્ષોથી. ૧૯૭૯ ની સાલમાં શરૂ થયેલ યાત્રા હજીએ વણથંભી ચાલી જ રહી છે અને સમાજના અનેક વહાલસોયા પણ શીખવાની ઓછી ક્ષમતાવાળા બાળકોને કુટુંબમાં / સમાજમાં પુનઃસ્થાપિત કરવાનો સતત પ્રયત્ન કરી રહી છે. આ યાત્રાના સહપ્રવાસીઓ છે અંકુર શાળાના સનિષ્ઠ શિક્ષકો, સેવા ભાવને વરેલા ટ્રસ્ટીશ્રીઓ તથા સંસ્થાના પાયાના સ્તંભ સમાન દાતાઓ અને જેને માટે આપણે આ બધું કરી રહયા છે તે આપણા વહાલા બાળકો. આ યાત્રામાં મંઝીલ નથી, પણ માઈલ સ્ટોન જરૂર છે અને 'અંકુર' અત્યાર સુધીમાં ઘણા માઈલ સ્ટોન વટાવી ચુકેલ છે અને આગળ પણ આ યાત્રા અવિરત ચાલતી રહેશે. આપ સહુના સહયોગથી.....

### ૧.૧ વિદ્યાર્થીઓની સંખ્યા.

| વર્ષ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૩ - ૨૦૧૪ | ૮૭ | ૪૩ | ૧૩૦ |
| ૨૦૧૪ - ૨૦૧૫ | ૯૮ | ૪૯ | ૧૪૭ |
| એડલ્ટ વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર | ૧૩ | ૧૦ | ૨૩ |




## ૧.૨. જનજાગૃતિ અને તપાસ નિદાન કેમ્પ



તા. ૨૧/૦૭/૨૦૧૪ ના રોજ સ્વામીનારાયણ કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ), નિર્ભય સોસાયટી, ચિત્રા ખાતે મંદબુધ્ધિ અંગે જનજાગૃતિ કેમ્પ યોજાયેલ. જે અંતર્ગત 'મંદબુધ્ધિ એટલે શું? તેના લક્ષણો, કારણો, પ્રકારો તથા ઉપાયો' વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા શ્રી રેશ્માબેન શાહ તથા શ્રી હરદીપભાઈ કામળીયાએ વિસ્તૃત માહિતી પુરી પાડેલ. જેમાં કુલ ૩૪ લાભાર્થીઓ હાજર રહેલ.


## ૧.૩. મેડીકલ કેમ્પ ...



તા. ૨૪/૦૮/૨૦૧૪ ને રવિવારના રોજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ચાઈલ્ડ સ્પેશ્યાલીસ્ટ ડો. મિતેશભાઈ મોદી, ડો. દેવાંગભાઈ સોલંકી, ડો. રાજીવભાઈ ધંધુકીયા, જનરલ ફિઝીશ્યન ડો. વિજયભાઈ સંપટ (સર ટી. હોસ્પીટલ), ગાયનેકોલોજીસ્ટ ડો. રજનીબેન પરીખ (સર ટી. હોસ્પીટલ), ડો. જયવીરભાઈ પરમાર, ડેન્ટીસ્ટ ડો. પાર્થ ઐયર (વી.સી. લોઢાવાળા હોસ્પિટલ), આંખના નિષ્ણાંત ડો. પી. પી. ભટ્ટ (વી.સી. લોઢાવાળા હોસ્પિટલ), લેબ ટેકનિશીયન શ્રી નીતાબેન પટેલ (વી.સી. લોઢાવાળા હોસ્પિટલ), ઈ.એન.ટી. ડો. દેવાંગ પવાર વિગેરેએ પોતાની માનદ્ સેવા આપી. આ કેમ્પમાં કુલ ૯૦ બાળકોનું મેડીકલ ચેક-અપ કરવામાં આવેલ. તેમજ જરૂરી ફોલોઅપ માટે વાલીને માહિતગાર કરવામાં આવેલ.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. શ્રી પારૂલબેન પાઠકના માર્ગદર્શન હેઠળ શ્રી પારસભાઈ પરમારે સમગ્ર કેમ્પનું આયોજન કરેલ. સમગ્ર સ્ટાફે કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવેલ.

### ✿ <u>ડેન્ટલ મેડીકલ કેમ્પ :–</u>



તા. ૧૮/૧૨/૨૦૧૪ નાં રોજ ડેન્ટલ કોલેજ ઓફ સાયન્સ - અમરગઢ દ્વારા શાળાનાં ૨૯ બાળકોનું ડેન્ટલ ચેકઅપ કરવામાં આવેલ. તેમજ ગંભીર સમસ્યાવાળા બાળકોનાં દાંતની સફાઈ તેમજ રૂટ કેનાલ કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ

શ્રી પારસભાઇ પરમારે સરાહનીય કામગીરી બજાવેલ. ડેન્ટલ કોલેજ અમરગઢના ડો. નિર્મલરાજ, ડો. શીખા તથા ડો. માનસીની આ વિશિષ્ટ સેવા બદલ આભાર.

## ૧.૪. વિવિધ થેરાપીઓ ...

### ૧.૪.૧ .મ્યુઝિક થેરાપી.

મંદબુધ્ધિ બાળકનો બૌધ્ધિક વિકાસ સાધારણ બાળક કરતા ઓછો હોય છે પરંતુ તે સિવાય ઘણી બાબતોમાં અન્ય બાળકો જેવા જ હોય છે. તેથી તેમની ઉપર પણ વિવિધ પરિસ્થિતિઓ, ભાવો, લાગણીઓ, વાતાવરણ, ઋતુઓ અન્યની જેમ અસર કરે છે. તે જ રીતે સંગીત પણ અસર કરે છે. સંગીતના સૂર અને તાલની મદદથી બાળકોની એકાગ્રતામાં વધારો થાય છે. તેમનામા ધીરજ કેળવાય છે, આત્મવિશ્વાસમાં વધારો થાય છે તેમજ બાળકો સંગીત દ્વારા આનંદ તથા ઝડપથી શીખે છે.

**કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૧૫૦**

સકસેસ સ્ટોરી - ધારા ભરતકુમાર ત્રિવેદી (ઉંમર :- ૧૭ વર્ષ, IQ :- ૫૦ થી ૬૯%)

મ્યુઝીક થેરાપીસ્ટ દ્વારા હાંસલ કરાયેલ સિધ્ધિ તેમના શબ્દોમાં...

'ધારા'..... ઘણાં વર્ષો સામાન્ય શાળામાં ભણેલી એક વિશિષ્ટ બાળા. ધારા ૧૨-૧૩ વર્ષની થઈ ત્યાં સુધી સામાન્ય બાળકો સાથે સામાન્ય શાળામાં જ અભ્યાસ કરતી હતી. ત્યાં તેની સાથે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી જેવા વિષયો ભણતા હોંશિયાર વિદ્યાર્થીઓ હતા જેને કારણે કયારેય ધારામાં રહેલી શકિતને બહાર આવવાનો માર્ગ નહોતો મળ્યો. અન્ય બાળકો તેને ચિડવતા, ખીજવતા તેની મજાક ઉડાવતા અને શિક્ષકો પણ ધારા પર વિશેષ ધ્યાન ન આપતાં. પરિણામે ધારાનો સ્વભાવ ગુસ્સાવાળો અને ચિડિયો થવા લાગ્યો.



ત્યારબાદ ધારાને 'અંકુર' વિશિષ્ટ શાળામાં દાખલ કરવામાં આવી. મંદબુદ્ધિ બાળકોમાં ધારાની બુદ્ધિક્ષમતા (I.Q. Level) સારી ગણાય પણ છતાં તે મંદબુદ્ધિ તો હતી જ, જેથી ધારાના ઘરનાને તેની ખૂબ ચિંતા રહેતી. ઉંમર અને થોડી સમજણ હોવા છતાં માતાને ઘરકામમાં મદદ કરવાની તેની ઈચ્છા રહેતી નહીં. ગુસ્સામાં કયારેક તોડ-ફોડ પણ કરતી. ઘરમાં થોડું સંગીતનું વાતાવરણ ખરું પણ ઘરકામ ન કરવાની ઈચ્છાને કારણે ઘરમાં રહેવું તેને ખાસ ગમતું ન હતું. પરિણામે રસ હોવા છતાં તે સંગીતમાં ખાસ ધ્યાન આપતી નહીં.

ધારાનું 'અંકુર'માં આવવાનું શરૂ થયું અને તેની સાથે જ અન્ય બાળકોની જેમ મ્યુઝીક થેરાપીમાં પણ તેનું આવવાનું શરૂ થયું. ધીરે-ધીરે ધારામાં સંગીતની રૂચિ મને દેખાવા લાગી. એ રૂચિને ધ્યાનમાં લઈ તેને ગાયનની તાલીમ આપવાની શરૂ કરી.

બાળગીતો, અભિનય ગીતો, પ્રાર્થના, સ્તુતિ, ભજન, ઋતુ ગીતો વગેરે શીખવામાં તેને ધીરે-ધીરે ખૂબ જ રસ પડવા લાગ્યો. રજાઓ કે ઉનાળું વેકેશન આવે તો તેને ગમતું નહીં. ધારાની સંગીત શીખવાની લગન એટલી બધી હતી કે ધીરે-ધીરે શાસ્ત્રીય સંગીતના પાયા સમાન સાત સૂરો અને અલંકાર પણ તેને શીખવવાની મને ઈચ્છા થઈ અને ધારાએ મારી આ ઈચ્છામાં પણ સારું પરિણામ લાવી બતાવ્યું. આજે તે શાળાના નાના-મોટા કાર્યક્રમોમાં પ્રાર્થના ગીત ગાયને કાર્યક્રમના શ્રી ગણેશ કરતી થઈ ગઈ છે અને હાલ તે હાર્મોનિયમ તથા કી-બોર્ડ વગાડવાની તાલીમ લઇ રહી છે.

સંગીતની મદદથી ધારાનો ગુસ્સો ઘણો જ ઓછો થયો છે. તેની આંતરીક ઉર્જાને યોગ્ય દિશાઓ મળી છે. જેથી તેનામાં આત્મવિશ્વાસ વધ્યો છે અને તેની યાદશકિત તથા એકાગ્રતા પણ વધી છે. જીવનમાં અને સ્વભાવમાં આવેલા ધારાના આ પરિવર્તનોથી તેના ઘરના લોકો પણ ખૂબ જ ખૂશ થયા છે. હવે તેઓ ધારાને અને ધારા તેઓને અરસ-પરસ સમજવા લાગ્યા છે. જેથી ઘરમાં પણ વાતાવરણ શાંત રહે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ધારાએ સંગીતની પોતાની અલગ નોટબુક પણ બનાવી છે અને મ્યુઝીક થેરાપી રૂમમાં આવે ત્યારે એ નોટબુક તે સાથે લઈને જ આવે છે.

આ રીતે વિશિષ્ટ શાળામાં આવ્યા બાદ ધારાએ પોતાની મહેનત અને લગન સાથે પોતાને 'વિશેષ વિશિષ્ટ' સાબિત કરી સહુના હદય જીતી લીધા છે.

ડો. ભાવના અંધારિયા
(મ્યુઝીક થેરાપીસ્ટ)


૧.૪.૨. <u>ફિઝીયોથેરાપી.</u>

મંદબુધ્ધિ બાળકોને સ્નાયુ, Posture સંબંધીત, Griping, Eye-Hand Coordination, Muscles Problem જેવી વિવિધ તકલીફ હોય છે. તેથી આ બાળકોને ફિઝીયોથેરાપીની વિશેષ જરૂર પડતી હોય છે. આ થેરાપીથી તેમના જીવનમાં રોજબરોજનાં કાર્યોમાં આવતાં અવરોધો દૂર કરી શકાય. તેમજ સામાન્યજીવન જીવતી વખતે ઘણી મુશ્કેલી નિવારી શકાય છે. તેમજ આ સારવાર બહુ જ ખર્ચાળ હોય છે. તેથી વાલીઓને પોસાય તેમ પણ હોતી નથી અને બાળકોની સ્થિતિ વધુ ગંભીર બને છે. આ વાતને ધ્યાનમાં લઇ શાળામાં ફિઝીયોથેરાપીની ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

શાળાનાં ૨૫ બાળકોનો ગ્રિપીંગ પ્રોબ્લેમ, ચાલવાની તકલીફ કે વિવિધ સ્નાયુઓની નબળાઈ છે. આ સિવાય ૧૫ બાળકો ઓબેસીટી ધરાવે છે. તેથી તેમને વેઈટ રીડકશન માટે એરોબીકસ અને અન્ય કસરતો કરાવવાથી આ બાળકોના વજનમાં નોંધપાત્ર આદર્શ ઘટાડો જોવા મળે છે.

**કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૪૮**

સકસેસ સ્ટોરી - માનસી સોલંકી




થોડી લાગણી, થોડીક હુંફ અને સકારાત્મક પ્રયત્નો કેવું સરસ ફળ આપી શકે તેનો જીવંત દાખલો એટલે ''માનસી''.

માનસી વર્ષ ૨૦૧૪ માં 'અંકુર'માં દાખલ થઈ, દાખલ થઈ ત્યારે તેના બધા જ સ્નાયુઓ ખૂબ જ નબળા હતા. માનસી ન ચાલી શકે, ન કોઈ વસ્તુ પકડી શકે. મોઢામાંથી સતત લાળ ટપકતી રહે. સ્વતંત્ર રીતે ખાવા-પીવું એ તો સ્વપ્નવત હતું.

આ બાળકીને 'અંકુર'ની હુંફ મળી. ઓગષ્ટ-૨૦૧૪ થી તેને ફીઝીયોથેરાપીમાં કસરત કરાવવાનું શરૂ થયું. વર્ષ દરમ્યાન કુલ ૪૮ સેશનમાં તેને ફીઝીયોથેરાપી આપવામાં આવી સાથે-સાથે તેમની માતાને પણ સમજાવવામાં આવ્યું કે બાળકીને કયા પ્રકારની માવજતની જરૂર છે. ફીઝીયોથેરાપીસ્ટ તરીકે મારો અને બાળકીના માતાશ્રી સોનલબેનનો સહકાર તથા બાળકીની મહેનત રંગ લાવી. આજે આ બાળકીના મોઢાના સ્નાયુઓ મજબુત થતા લાળ પાડવાનું ઓછું થયું છે. પગના સ્નાયુઓ મજબુત થતા ખરબચડી સપાટી પર ચાલવાનું શરૂ કર્યું છે અને આ તો શરૂઆત છે સમય જતાં જો આજ રીતે પ્રગતી ચાલુ રહેશે તો એ દિવસ દૂર નથી જયાં આપણે આ બાળકીને તેની દૈનિક ક્રિયાઓ માટે સ્વતંત્ર રીતે કામ કરતી જોઈ શકીશું.

ડો. રાધિકા રાઠોડ
(ફિઝીયો થેરાપીસ્ટ)


## ૧.૪.૩. સ્પીચ થેરાપી.



મોટાભાગના મંદબુધ્ધિ બાળકોમાં સામાન્ય રીતે ભાષા અને વાણિની સમસ્યાઓ જોવા મળે છે. આમ પણ આ બાળકોનું સામાજીકરણ ઓછું થયેલુ જોવા મળે છે અને આ બાળક મંદબુધ્ધિ હોવાને લીધે તેના દેખાવ તેનુ વર્તન અને તેની આ અસ્પષ્ટ ભાષાને કારણે તે સમાજમાં સ્વિકૃતિ પામતો નથી. તેથી અંકુરના એવા પ્રયાસો હોય છે. કે આ બાળકને એવી સમસ્યા જે તાલીમ અને કેળવણીથી દુર કરી શકાય એમ હોય અથવા સુધાર લાવી શકાય એમ હોય તેવા બાળકોને સ્પીચ થેરાપી આપી સામાન્ય સમાજની નજીક લઈ જઈ શકાય. તેથી બાળકોનું Assessment કરી તેમનામાં રહેલી ભાષા-વાણીનો રુંધાયેલો વિકાસ, તોતડાપણું, હકલાવુ જેવા સ્પીચ પ્રોબ્લેમને ધ્યાનમાં રાખી અઠવાડીયાના સેશન નક્કી કરવામાં આવે છે. જે બાળકોને સ્પીચની વધુ તાલીમની જરૂર હોય તેમના વાલીઓને સુચના આપી ઘરે વાલી દ્વારા બાળકોને સ્પીચની તાલીમ અંગેનું માર્ગદર્શન આપવામાં આવે છે.

**કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૫૪**

૧.૪.૪. કમ્પ્યુટરની તાલીમ.



સામાન્ય રીતે આ બાળકોને વિવિધ સમસ્યાઓ અને વર્તણુંકના લીધે તેમને ઈલેક્ટ્રોનીક સાધનોથી લોકો દુર રાખતા હોય છે. આ તુટી જશે, આ બગડી જશે આ કોમ્પ્યુટર નકામું થઈ જશે, તેને આ ન-આવડે, આ રૂમમાં તેને ન આવવા દેવો વગેરે જેવા સંવાદો આ મંદબુધ્ધિ બાળકોને લઈ લોકો કહેતા હોય છે. પણ અંકુર એ આ બાળકોની જીવનશાળા છે. તે અહીં જીવનની અને વર્તમાન પ્રવાહોની નજીક રહે. તેથી આ બાળકોને કોમ્પ્યુટર માટે એક વિશેષ રૂમ આપવામાં આવ્યો છે. જ્યાં બાળકોને ટાઈમ-ટેબલ પ્રમાણે કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે. અઠવાડીયામાં દરેક વર્ગનો બે વાર સમાવેશ કરવામાં આવે છે. કોમ્પ્યુટર વિભાગમાં કેર એન્ડ ક્યોર તથા N.I.M.H દ્વારા આ બાળકો માટે વિકસાવવામાં આવેલ સ્પેશ્યલ સોફ્ટવેર દ્વારા તાલીમ આપવામાં આવે છે.

**કુલ લાભાર્થીઓ (બાળકો)ની સંખ્યા : ૧૫૦**

વિદ્યાર્થીઓ વિદ્યાપીઠમાં આવે છે તે પોતાની જાતને કેળવણી આપવા માટે નહીંઃ પોતે જાણે કે લાકડાનાં પાટીયા હોય તેમ આવીને શિક્ષકો આગળ પડતું મુકે છે

**"હવે આમાંથી ફર્નિચર બનાવો !"**

## ૨. ટ્રેઇનીગ, લર્નીગ એન્ડ ડેવલપમેન્ટ

"બે વસ્તુ નબળાઇની એંધાણી છે
બોલવું ઉચિત હોય ત્યારે
મુંગા રહેવું અને મૌન ઉચિત હોય ત્યારે
બોલવું."

## સંસ્થાની વાર્ષિક મીટીંગ (AGM) ...



તા. ૨૭/૦૭/૨૦૧૪ ના રોજ ટ્રસ્ટ કમીટી, કારોબારી કમીટી તથા ૨૦૧૩-૧૪ની વાર્ષિક મીટીંગ યોજાયેલ. માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઇ શેઠે સૌ સભ્યોને આવકાર્યા બાદ વહીવટી અહેવાલ વિસ્તૃત રીતે રજુ કરેલ. શ્રી વિનોદરાય હકાણીએ શાળાના ઓડીટેડ હિસાબો, બજેટ-૨૦૧૪-૧૫ તથા નાણાંકીય ખર્ચ મંજુરીની વિગતો રજુ કરેલ. સંસ્થાના સર્વાંગી વિકાસને અનુલક્ષીને થતા કાર્યો માટે હાજર રહેલ તમામ સભ્યોએ માનદ્મંત્રી શ્રી અલ્પેશભાઇ શેઠ, ટ્રેઝરરશ્રી વિનોદરાય હકાણી તેમજ સમગ્ર ટીમને અભિનંદન પાઠવેલ.

## ટ્રસ્ટ બોર્ડ મિટીંગ...

તા. ૦૮/૦૨/૨૦૧૫ નાં રોજ શ્રી અનંતરાય કે. શાહ (શ્રી બાબાભાઇ)ના અધ્યક્ષ સ્થાને સંસ્થાના ટ્રસ્ટ બોર્ડની મિટીંગ મળેલ. જેમાં સંસ્થાના ટ્રસ્ટ કમીટીનાં સભ્યશ્રી કલ્પનાબેન પાઠકે ટ્રસ્ટી તરીકે પોતાનું રાજીનામુ આપેલ જે સર્વાનુમતે સ્વિકારવામાં આવેલ અને તેમના સ્થાને મુંબઇ સ્થિત કાર્યકર શ્રી પ્રકાશભાઇ એન. દેસાઈની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવેલ. સંસ્થાની વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માટે કારોબારી કમીટીની રચના કરવામાં આવી તથા સંસ્થાના દૈનિક કાર્યો માટે સ્ટેન્ડિંગ કમીટીની સર્વાનુમતે રચના કરવામાં આવેલ.

### ૨.૧ બુધસભા, સંવાદો, સ્નેહ અને સમજનું આદાન-પ્રદાન

⇨ સંસ્થાના સુચારૂ વહિવટ, સંકલન, નિર્દેશો માટે દર શનિવારે માનદ્ મંત્રી, ટ્રેઝરર, પૂર્વ માનદ્ મંત્રીશ્રી તથા અન્ય સભ્યશ્રીઓ સાથે મોનીટરીંગ મિટીંગ નિયમિત મળે છે.

➲ તા. ૧૬/૦૭/૨૦૧૪

- જનરલ પ્રશ્નોની ચર્ચા.

- તા. ૧૮/૦૬/૨૦૧૪
  - પ્રવેશોત્સવ-૨૦૧૪ પ્રોગ્રામ અંગે ચર્ચા વિચારણા.
  - અભ્યાસક્રમ અંગે વિચાર-વિર્મશ.
- તા. ૨૫/૦૬/૨૦૧૪
  - TLM (ટીચીંગ, લર્નીંગ મટીરીયલ) તૈયાર કરવા અંગે ચર્ચા વિચારણા.
- તા. ૧૬/૦૭/૨૦૧૪
  - બેઝીક એમ.આર. એસેસમેન્ટ વિશે ચર્ચા-વિચારણા.
  - રક્ષાબંધન તેમજ જન્માષ્ટમીના પ્રોગ્રામ અંગે ચર્ચા-વિચારણા.
- તા. ૧૪/૦૮/૨૦૧૪
  - ૧૫મી ઓગષ્ટના પ્રોગ્રામ અંગે ચર્ચા-વિચારણા.
  - નિરામયા હેલ્થ પોલિસી અને એસ.ટી. કન્સેશન પાસ અંગે ચર્ચા.
- તા. ૦૪/૦૯/૨૦૧૪
  - સ્પે. ઓલમ્પિક તેમજ અર્ધ વાર્ષિક એસેસમેન્ટ અંગે ચર્ચા.
- તા. ૨૪/૦૯/૨૦૧૪
  - નવરાત્રી ઉજવણી કાર્યક્રમની પૂર્વ તૈયારીઓ અંગે ચર્ચા અને કામગીરીની વહેચણી.
- તા. ૧૭/૧૦/૨૦૧૪
  - નવેમ્બર માસમાં થનાર ડોક્યુમેન્ટરી શુટીંગ અંતર્ગત ચર્ચા-વિચારણા.
  - ફોનિક્સ હેન્ડબોલ ટુર્નામેન્ટ-મુંબઇ અંગે ચર્ચા-વિચારણા.
- તા. ૧૩/૧૧/૨૦૧૪
  - ડોક્યુમેન્ટરી શુટીંગ અંગેની કામગીરીની વહેચણી.
  - ખેલ-મહાકુંભ - ૨૦૧૪ જિલ્લા કક્ષાએ મેળવેલ સિધ્ધી બદલ સ્ટાફ મિત્રોને અભિનંદન આપવામાં આવેલ.
- તા. ૨૭/૧૧/૨૦૧૪
  - વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી અંતર્ગત અંધશાળા ખાતે વોકેશનલ પ્રવૃતિઓના પ્રદર્શન અંગે.
  - ફોનિક્સ હેન્ડબોલ ટુર્નામેન્ટ માટે મુંબઇ જનાર ટીમને શુભેચ્છા પાઠવેલ.
- તા. ૦૫/૧૨/૨૦૧૪
  - ૮ ડિસેમ્બર વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી અંગે કામગીરીની વહેચણી.
  - ટીચર્સ ટ્રેઈનીંગ કોલેજના ઈન્સ્પેકશન અંગે ચર્ચા.
- તા. ૧૯/૧૨/૨૦૧૪
  - પી.એન.આર. સોસાયટીમાં યોજાનાર તા. ૨ તથા ૩ જાન્યુઆરીના કાર્યક્રમ અંગે ચર્ચા.
- તા. ૩૦/૧૨/૨૦૧૪
  - આગામી ફેબ્રુઆરી-૨૦૧૫ માં હરીદ્વાર ના પ્રવાસ અંગે ચર્ચા.
- તા. ૨૧/૦૧/૨૦૧૫
  - પ્રજાસત્તાક દિનની ઉજવણી અંગે ચર્ચા-વિચારણા.
  - હરિદ્વાર પ્રવાસની પૂર્વ તૈયારી અંગે ચર્ચા.

➲ તા. ૨૮/૦૧/૨૦૧૫
- સ્ટાફ માટે અંગ્રેજીના વર્ગો.
- જનરલ પ્રશ્નોની અંગે ચર્ચા.

➲ તા. ૧૮/૦૨/૨૦૧૫
- હરિદ્વાર પ્રવાસના કાર્યની વહેંચણી.

➲ તા. ૧૮/૦૩/૨૦૧૫
- હરિદ્વાર પ્રવાસના ફોટોગ્રાફસ અને સી.ડી. નિદર્શન.

➲ તા. ૨૫/૦૩/૨૦૧૫
- બાળકોના એસેસમેન્ટની તારીખો નકકી કરવી.
- સ્પેશ્યલ ઓલિમ્પિકની કામગીરીની વહેચણી.
- સ્ટાફ માટે અંગ્રેજીના વર્ગો.


## ૨.૨. અન્ય કમીટીની મિટીગો...

➲ તા. ૨૫/૦૬/૨૦૧૪ ના રોજ પ્રવેશ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૨૬/૦૬/૨૦૧૪ ના રોજ રીક્ષા સહાય કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૧/૦૭/૨૦૧૪ ના રોજ કોમ્પ્યુટર કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૪/૦૭/૨૦૧૪ ના રોજ ઓલિમ્પીક્સ/રમત-ગમત કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૫/૦૭/૨૦૧૪ ના રોજ પ્રવાસ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૮/૦૭/૨૦૧૪ ના રોજ સ્ટડી સર્કલ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૧૧/૦૭/૨૦૧૪ ના રોજ પ્રકાશન કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૧૨/૦૭/૨૦૧૪ ના રોજ ફંડ રેઈઝીંગ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૧૪/૦૭/૨૦૧૪ ના રોજ કલીનીકલ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૧૬/૦૭/૨૦૧૪ ના રોજ સાંસ્કૃતિક કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૨૬/૦૭/૨૦૧૪ ના રોજ એકાઉન્ટ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૧/૦૮/૨૦૧૪ ના રોજ પ્લેસમેન્ટ કમીટીની મિટીંગ યોજાયેલ.
➲ તા. ૦૮/૦૮/૨૦૧૪ ના રોજ મેડીકલ સહાય કમીટીની મિટીંગ યોજાયેલ.

## ૨.૩. વાલી મીટીંગ :-

પ્રથમ સત્રના અંતે બાળકોના પ્રોગ્રેસ રીપોર્ટ અંગે તેમજ બાળકો વિશે માહિતીના આદાન-પ્રદાન માટે અનુક્રમે તા. ૧૫, ૧૬ અને ૧૭ ઓક્ટોબર, ૨૦૧૪ ના રોજ પ્રિ. પ્રાયમરી, કેરગ્રુપ, પ્રાયમરી ગ્રુપ, પ્રિ-વોકેશનલ અને વોકેશનલ ગ્રુપના વાલીઓ સાથે મિટીંગ યોજવામાં આવેલ અને એક નવો પ્રયોગ કરેલ કે જે બાળકોને દૈનિક ક્રિયા સંબંધીત સમસ્યા હોય તેવા બાળકોને અલગ કરી તેમના વાલીને જે સમસ્યા છે તેના ટાસ્ક કરી બાળકોને વેકેશન દરમ્યાન કઇ રીતે તાલીમ આપવી તેના વિશે વિગતવાર સમજાવવામાં આવેલ.

# વાર્ષિક વાલી મીટીંગ




તા. ૦૧/૦૫/૨૦૧૫ ના રોજ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતાં વાર્ષિક વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૧૨૦ વાલીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમની શરૂઆત બુદ્ધિમંદતા ધરાવતી બાળકી શ્રી ધારા ત્રિવેદીનાં શ્લોક ગાન દ્વારા થયેલ તથા શાબ્દીક સ્વાગત શ્રી રિધ્ધીબેન મહેતાએ કરેલ. શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન દ્વારા વર્ષ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તીઓ તથા બાળકોનાં વિકાસ અંગેની માહિતી આપવામાં આવેલ તથા શ્રી પારૂલબેન પાઠક દ્વારા વાલીઓ માટેનાં સામાન્ય સુચનો આપવામાં આવેલ. શાળાનાં મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા વાલીઓની સહભાગીદારી અંગેનો સંદેશો આપવામાં આવેલ. કાર્યક્રમનાં મુખ્ય અતીથી પદે ડો. શ્રી ડી. જે. ધંધુકીયા સાહેબ ઉપસ્થિત રહેલ. જેમણે વાલીઓની જાગૃતતા અને સહભાગીદારી વિશે વકતવ્ય આપેલ. વાલીઓના શાળા અંગેના મંતવ્ય તથા રીક્ષા ચાલક ભાઈઓના સન્માન સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલ.

આ કાર્યક્રમનું સમગ્ર આયોજન શ્રી પારૂલબેન પાઠક દ્વારા થયેલ તથા કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ.

## ૨.૪. વાલી મંડળ રચના :-

તા. ૨૦/૧૨/૨૦૧૪ ના રોજ સંસ્થાના ટ્રેઝરરશ્રી વિનોદરાય હકાણીના પ્રમુખ સ્થાને અંકુરના વાલી મંડળ બનાવવા અંગે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના પ્રીન્સીપાલ તેમજ ૧૩ વાલીઓ હાજર રહેલ.

હે પરમાત્મા,<br>
જ્યાં ધિક્કાર છે<br>
ત્યાં હું પ્રેમ વાવું<br>
જ્યાં ઘાવ થયો છે<br>
ત્યાં ક્ષમા<br>
જ્યાં શંકા છે<br>
ત્યાં શ્રધ્ધા<br>
જ્યાં હતાશા છે<br>
ત્યાં આશા<br>
જ્યાં અંધકાર છે<br>
ત્યાં પ્રકાશ<br>
જ્યાં શોક છે<br>
ત્યાં આનંદ વાવું.

## ૩ : અમારી ગુણોપાસનાની સમાજે લીધેલી નોંધ


''આપણો પ્રોબ્લેમ એ હોય છે કે
જે યાદ રાખવાનું હોય એ ભુલી જઈએ છીએ અને
જે ભુલી જવાનું હોય એ જ યાદ રાખીએ છીએ.''

### ૩.૧ ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે તજજ્ઞ તરીકે શ્રી રેશ્માબેન શાહ:-

જિલ્લા પંચાયત ગાંધીનગર અને ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા તા. ૦૫/૦૮/૨૦૧૪ નાં રોજ વિકલાંગ બાળકોનાં માતા-પિતાનો પ્રશિક્ષણ કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજાયેલ જેમાં શાળાનાં મદદનીશ શિક્ષક શ્રી રેશ્માબેન એ. શાહે તજજ્ઞ તરીકે પોતાની સેવા આપેલ. જેઓએ કાર્યક્રમમાં હાજર વાલીઓને વિકલાંગ બાળકો અંગે માર્ગદર્શન પુરૂ પાડેલ.

### ૩.૨ CWSN કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે પસંદગી :-

સર્વ શિક્ષા અભિયાન - દીવ દ્વારા આયોજીત સામાન્ય શાળાના શિક્ષકો માટે ૬ (છ) દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણી તેમજ મદદનીશ શિક્ષકશ્રી જયપાલસિંહ ગોલિહની તજજ્ઞ તરીકે પસંદગી કરવામાં આવેલ. જે અંતર્ગત તા. ૦૫/૦૨/૨૦૧૫ થી તા. ૦૭/૦૨/૨૦૧૫ દરમ્યાન મંદબુધ્ધિત્વને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ પર રસ-સભર માહિતી પુરી પાડેલ.




# ૪ : વિશિષ્ટ પ્રસંગો, પ્રવૃત્તિઓ અને પ્રતિનિધિત્વ

''જિંદગીમાં તમારી પાસે જે છે એને ફીલ કરી શકતા હોય
તો હા... તમે ખરેખર સુખી છો.''

## ૪.૧. મંદબુધ્ધિ બાળકોની પરિભાષા - પ્રંસગો અને ઉત્સવો

### ૪.૧.૧. પ્રવેશોત્સવ :-

તા. ૨૬/૬/૨૦૧૪ ના રોજ શ્રી પુનિતભાઈ ઓઝા (જોઈન્ટ સેક્રેટરી, ગુજરાત બેંક વર્કર્સ યુનિયન), શ્રી નરેન્દ્રસિંહ જાડેજા (એડિશનલ જોઈન્ટ સેક્રેટરી, ભાવનગર જિલ્લા સહકારી બેંક) ના અતિથિવિશેષ પદે પ્રવેશોત્સવ યોજાયેલ. જેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ અંતર્ગત શાળામાં નવા પ્રવેશ પામેલા ૨૦ બાળકોને વિધિપૂર્વક તિલક કરી મોં મીઠું કરાવીને શૈક્ષણિક કીટ ભેટ આપી, આ વિશિષ્ટ કેળવણીનાં ક્ષેત્રમાં સ્વાગત કરવામાં આવેલ.




આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને શ્રી પુનિતભાઈ ઓઝા ઉપસ્થિત રહેલ. શ્રી આર.બી. જોષી સાહેબ (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ભાવનગર.) તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી કિષ્નાબેન રૂપેરાએ, આભાર વિધી શ્રી પારૂલબેન પાઠકે કરેલ. સમગ્ર કાર્યક્રમ પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન નીચે સફળતાપૂર્વક સંપન્ન થયેલ.

### ૪.૧.૨. રક્ષાપર્વની ઉજવણી :-

તા. ૦૭/૦૮/૨૦૧૪ ના રોજ નિઃસ્વાર્થ સંબંધો, પ્રેમનાં તાંતણે અને સંવેદનાની નિસ્બતે... આમંત્રિત મહેમાનો, બાળકો, તેમજ સ્ટાફ દ્વારા રક્ષાપર્વની ઉજવણી કરવામાં આવેલ. શાળાના સંગીત શિક્ષક ડો. ભાવનાબેન અંધારીયા દ્વારા શ્લોકગાન કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ







શાળાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દીક તેમજ સ્મૃતિભેટથી અભિવાદન કરવામાં આવેલ. શાળાના મદદનીશ શિક્ષક શ્રી પારૂલબેન પાઠક, શ્રી રેશ્માબેન શાહના માર્ગદર્શન હેઠળ મંદબુધ્ધિ બાળાઓ દ્વારા મહેમાનોને તિલક કરી રાખડી બાંધવામાં આવેલ. ઉપસ્થિત મહેમાનોએ **રક્ષાપર્વ નિમિત્તે સૌ સાથે મળી આ મંદબુધ્ધિ બાળકોની રક્ષા, પ્રેમ અને સ્નેહના પ્રણ લઈએ** એવી રજુઆત કરેલ.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ શ્રી હરેશભાઈ જોષી (પ્રમુખશ્રી, રોટરી રાઉન્ડ ટાઉન), ડો. કે. એ. ગાબાણી (સેક્રેટરીશ્રી, રોટરી રાઉન્ડ ટાઉન) તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને આભારવિધી શ્રી પારસભાઈ પરમારે કરેલ.

સમગ્ર કાર્યક્રમનું સંકલન-આયોજન પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ મદદનિશ શિક્ષકશ્રી બકુલાબેન ચૌધરીએ કરેલ.

અન્ય સંસ્થા દ્વારા રક્ષાપર્વની ઉજવણી :-






ભાવનગર સ્થિત નંદકુંવરબા મહિલા કોલેજ, સંત કંવરરામ પ્રા. શાળા તેમજ ફાતિમા કોન્વેન્ટ સ્કૂલની દિકરીઓ દ્વારા શાળાના બાળકો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ.

## ૪.૧.૩. જન્માષ્ટમી પર્વની ઉજવણી :-

આ યુગમાં એક એવા ભગવાન કે જેની પ્રતિભા પ્રાચીન હોય,
પણ ઉપદેશ અર્વાચીન હોય
જેમાં દંતકથામય ભવ્યતા એ દૈવી ચમત્કારીકતા હોય
સાથો સાથ માનવીય લાગણીઓ ને સ્વાભાવીક ગમા અણગમા પણ હોય
તે જરૂરીયાત મુજબ યુધ્ધત્વ અને બુધ્ધત્વ બન્નેનો પરીચય કરાવી શકે તેમ હોય
જે સિધ્ધાંતોનાં મુળીયા તરછોડે નહી છતાં નવીનતાની ડાળીઓ ફેલાવી દે
જેમની માટે જીવન ઉદાસી નહી પણ ઉત્સવ હોય,
જે 'આઈડિયલ' નહી પણ 'પ્રેક્ટિકલ' હોય.
જેમની માત્ર પુજા ન થાય જેને પ્રેમ પણ થાય.
જોઈએ છે એક એવો ઈશ્વર, આવી ખોજ કૃષ્ણમાં જ પૂર્ણ થઈ શકે.
એવા એક આશય સાથે આ મંદબુધ્ધિ બાળકોમાં રહેલ કૃષ્ણ તત્વને ઉજવવા માટે.






તા. ૧૨/૦૮/૧૪ ના રોજ ભારે હર્ષોલ્લાસથી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના સંગીત શિક્ષક ડો. ભાવનાબેન અંધારીયા દ્વારા શ્લોકગાન કરવામાં આવેલ. સંસ્થાના કારોબારી સભ્યશ્રી દેવલભાઇ શાહ દ્વારા મહેમાનોનું શાબ્દીક તેમજ સ્મૃતિભેટ દ્વારા અભિવાદન કરવામાં આવેલ તેમજ શાળાના બાળકો, સ્ટાફ, તેમજ તાલીમર્થીઓ દ્વારા મટકી ફોડ કાર્યક્રમ રજુ કરવામાં આવેલ. વિશેષમાં ભાવનગરનાં ખ્યાતનામ ગાયક શ્રી જીતુ જેકશન દ્વારા કૃષ્ણ ભકિતના ગીતો પર બાળકોને રાસ રમાડવામાં આવેલ. આ પ્રસંગે શ્રી બિરજુભાઇ મહેતા (દાસ પેંડાવાળા), શેઠ બ્રધર્સવાળા સર્વશ્રી દેવેનભાઇ શેઠ, કમલેશભાઇ શેઠ, ગૌરવભાઇ શેઠ, મોહિતભાઇ શેઠ, વેદાંતભાઇ શેઠ તેમજ સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભાર વિધિ શ્રી હરદિપભાઇ કામળીયાએ કરેલ. કાર્યક્રમનું સમગ્ર આયોજન પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ શ્રી બકુલાબેન ચૌધરી દ્વારા કરવામાં આવેલ.


## ૪.૧.૪. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી :-




શાળા દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આર. બી. જોષી સાહેબના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. ત્યારબાદ બાળકો દ્વારા હેન્ડબોલ, બેડમિન્ટન તથા સ્કેટીંગનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ બાળકોને આ વિવિધ રમતો રમતા જોઇને પ્રભાવિત થઇને શ્રી આર.બી. જોષી સાહેબે બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડવા રૂા. ૧૦૦૦/- નું પુરસ્કાર જાહેર કરેલ. તેમજ તાજેતરમાં દિલ્હી તથા બિહારના પટના ખાતે યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં ભાગ લીધેલ બાળકોનું મેડલ પહેરાવી સન્માન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદન વિધિ શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિષ્નાબેન રૂપેરાએ કરેલ.

## ૪.૧.૫. આદ્યશકિત પર્વ (નવરાત્રી) ની ઉજવણી :-




તા. ૨૭/૦૯/૨૦૧૪ ના રોજ આદ્યશકિત પર્વ (નવરાત્રી)ની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે બાળકો દ્વારા શ્લોકગાન કરવામાં આવેલ. મદદનીશ શિક્ષકશ્રી રેશ્માબેન શાહ દ્વારા આવેલ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મહેમાનો, ટ્રસ્ટીગણ, સ્ટાફ તથા બાળકો દ્વારા સમુહ આરતી કરવામાં આવેલ તેમજ બાળકો, સ્ટાફ દ્વારા રાસ ગરબા રજુ કરવામાં આવેલ. આ પ્રસંગે મહેમાન તરીકે મી.ઇડલીવાળા શ્રી સંજયભાઇ વોરા-પરીવાર તેમજ શ્રી જતીનભાઇ કાપડીયા તથા સમગ્ર ટ્રસ્ટીગણ હાજર રહેલ. સાથોસાથ મી. ઇડલીવાળા તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ તથા રમકડાનું પણ વિતરણ કરવામાં આવેલ.




સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ, આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી બકુલાબેન ચૌધરીએ કરેલ.

## ૪.૧.૬. દિપાવલી પર્વ :-

દર વર્ષની માફક આ વર્ષે પણ ભાવનગર શહેરના ખ્યાતનામ ફટાકડાના વેપારી સ્વ. જીતુભાઇ ફટાકડાવાળા પરીવાર તરફથી શાળાના દરેક બાળકોને ફટાકડાનું વિતરણ કરી દિપાવલી પર્વ અને નૂતન વર્ષની શુભેચ્છા પાઠવેલ.

## ૪.૧.૭. ૮મી ડિસેમ્બર - વિશ્વ માનસિક વિકલાંગ દિવસ :-




'૮ ડિસેમ્બર - વિશ્વ માનસિક વિકલાંગ દિવસ' નિમિતે 'શ્વેતા ગાર્ડન રેસ્ટોરન્ટ' ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં તાલીમ મેળવતાં તમામ બાળકોએ રંગપુર્ણિ તેમજ વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધેલ. જેમા વિજેતા થયેલ બાળકોને સ્મૃતિભેટ આપવામાં આવેલ.

આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે માનનીય ધારાસભ્ય શ્રી વિભાવરીબેન દવે તેમજ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી આર.બી. જોષી સાહેબ, શ્રી બીરજુભાઇ મહેતા (દાસ પેંડાવાળા), શ્રી જતીનભાઇ કાપડીયા (હરીઓમ કેમીકલ) અને સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ હાજર રહેલ. શાળાના મદદનીશ શિક્ષક શ્રી ભાવનાબેન તરફથી બપોરના ભોજનની સુંદર વ્યવસ્થા કરાવવામાં આવેલ. શ્વેતા ગાર્ડન એન્ડ રેસ્ટોરન્ટ ખાતે રમત-ગમત, વિવિધ રાઇડ તથા ગાર્ડનની બાળકો માટે વિના-મૂલ્યે સુંદર વ્યવસ્થા શ્રી દેવલભાઇ શાહે કરી આપેલ.


આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ.

### ૪.૧.૮ નાતાલ - નવા વર્ષની ઉજવણી :-



તા. ૨૯ ડિસેમ્બર, ૨૦૧૪ નાં રોજ ઈનરવ્હીલ કલબનાં બહેનો દ્વારા શાળાનાં બાળકો સાથે નવા વર્ષની ઉજવણી કરેલ જે અંર્તગત બાળકોએ ડાન્સ સાથે ખુબજ આનંદ કરેલ તેમજ દરેક બાળકોને કેક અને નાસ્તો આપવામાં આવેલ અને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવેલ.

### ૪.૧.૯. પતંગ વિતરણ :-




તા. ૦૯/૦૧/૨૦૧૫ નાં રોજ ભાવનગર-પશ્ચિમ ના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણી દ્વારા શાળાના દરેક બાળકોને પતંગ અને ફીરકી આપવામાં આવેલ અને બાળકોને ઉત્તરાયણ પર્વની શુભેચ્છા પાઠવેલ.



### પતંગ મહોત્સવ :-

તા. ૧૩/૦૧/૨૦૧૫ નાં રોજ ગુજરાત સરકારનાં પ્રવાસન વિભાગ તથા ભાવનગર મ્યુનિસીપલ કોર્પોરેશનનાં સંયુકત ઉપક્રમે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં શાળાના ૧૦ બાળકોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના શિક્ષક શ્રી હરદીપભાઇ કામળીયા અને શ્રી સંદિપભાઇ મહેતાએ બાળકો સાથે રહી સરાહનીય કામગીરી બજાવેલ.

४.१.१०. <u>પ્રજાસત્તાક પર્વ :-</u>



શાળા ખાતે પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં સામાજીક કાર્યકર્તાશ્રી અચ્યુતભાઈ મહેતાના હસ્તે ધ્વજવંદન યોજાયેલ. ત્યારબાદ બાળકોને વિવિધ રમત-ગમત રમાડવામાં આવેલ અને વિજેતા થયેલ બાળકોને ઈનામ આપવામાં આવેલ. રમત-ગમતની તૈયારી શાળાના સ્પોર્ટસ શિક્ષકશ્રી સંદિપભાઈ મહેતા તથા શ્રી અવનીબેન દવે દ્વારા કરાવવામાં આવેલ. શ્રી અચ્યુતભાઈએ સંસ્થાના બાળકોને રૂા. ૩૦૦૦/- ઈનામ સ્વરૂપે આપેલ.


આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. ધ્વજવંદન શાળાના શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલે કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કિષ્નાબેન રૂપેરા તેમજ આભારવીધી શ્રી પારૂલબેન પાઠકે કરેલ.


## ૪.૨. પ્રવાસ : કુદરત સાથેનું તાદાત્મ્ય

४.२.१. <u>હિમાલયા મોલની મુલાકાત :-</u>

'અંકુર' સંસ્થાના ૪૦ જેટલા બાળકોએ તા. ૮/૭/૧૪ ના રોજ હિમાલિયા મોલની મુલાકાત લીધેલ. જેમાં બાળકોને આધુનિક યુગમાં મોલનો કન્સેપ્ટ અને ખરીદી કરવી, બીલીંગ વિગેરેની સમજણ આપેલ.

આ મુલાકાત માટે વિશિષ્ટ સગવડ મોલનાં મેનેજરશ્રી કૃણાલભાઈ અને અન્ય સ્ટાફ દ્વારા કરાયેલ. આ મુલાકાત માટે શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાચબાણીના માર્ગદર્શન નીચે સર્વ શ્રી વર્ષાબેન, રેશ્માબેન, હરદીપભાઈ, પારસભાઈ, હિનાબેન તેમજ કેર-ટેકર શ્રી હંસાબેને જહેમત ઉઠાવેલ.





४.२.२. <u>ભુરખીયા હનુમાનજી પ્રવાસ :-</u>

'અંકુર' દર વર્ષે આ બાળકો તેમના મંદબુદ્ધિ વિશ્વમાંથી બહાર નીકળે અને જીવનની બીજી બાજુ જયાં હરવું, ફરવું, આનંદ, મોજ, મસ્તી તેઓ પણ માણે તેવા આશય સાથે વર્ષમાં સત્ર દીઠ એક પ્રવાસનું આયોજન કરે છે. આ પ્રથમ સત્રમાં તા. ૯/૭/૨૦૧૪ નાં રોજ ભૂરખીયાં હનુમાનનો

એકદિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. ૧૦૦ જેટલા બાળકો અને ૨૫ શિક્ષકોએ ભાગ લીધેલ. બાળકોએ બસમાં ખૂબ જ મજા-મસ્તી નવા ગીતો સાથે કરેલ. ભુરખીયા હનુમાન પહોંચતા બધા જ બાળકોએ ખુબ જ આસ્થાપૂર્વક શ્રી હનુમાનજીનાં દર્શન કર્યા હતા. ત્યારબાદ ત્યાંની પ્રસાદી લઇને થોડીવાર આરામ કરીને પરત ફરેલ ને રસ્તામાં સંસ્થાનાં જ શિક્ષક શ્રી ક્રિષ્નાબેન રૂપેરાનાં માતા-પિતા દ્વારા બાળકોને આઇસ્ક્રીમ અને કુરકુરેનો આસ્વાદ કરાવ્યો. તેમના માતા-પિતાએ આ મંદબુધ્ધિ બાળકો પર ભારે હેત વરસાવ્યું હતું પાછા ફરતી વખતે જાણે હનુમાજીએ આ મંદબુધ્ધિ બાળકોની પ્રાર્થના સાંભળી હોય એમ ભાવનગરમાં વરસાદ આવેલ છે, તેવા સમાચાર મળ્યા. આ શુભ સમાચાર અને આનંદની લાગણી સાથે પ્રવાસ પુરો કરી ભાવનગર પરત આવ્યા.

આ સમગ્ર પ્રવાસ શાળાનાં બાળક સંજયનાં પિતા શ્રી પ્રફુલભાઇ ધાનકે આર્થિક સહયોગ આપી કરાવેલ અને આ પ્રવાસનું સમગ્ર આયોજન શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.

## ૪.૨.૩. Pre-Primary અને Care Groupના બાળકોનો અનોખો પ્રવાસ


તા. ૧૯/૦૧/૨૦૧૫ નાં રોજ સંસ્થાના એવા બાળકો જે વયમાં નાના હોય, ટોઇલેટની તાલીમ ના હોય, શારીરિક રીતે વધુ અક્ષમ હોય અને વાલીની હાજરી જરૂરી હોય તેવા ગ્રૃપનાં બાળકોને પણ વર્ગની બહારની દુનિયાના અનુભવ થવા જોઇએ તેવા આશય સાથે Pre-Primary તેમજ Care Group નાં વર્ગો તથા એક Special Class જે અત્યંત સંચળ અને Hyper Active, ADHD ધરાવતાં બાળકોને હિમાલયા મોલમાં લઇ ગયેલ. જ્યાં બાળકોને તમામ પ્રકારની રાઇડસનો અનુભવ કરાવેલ. જે બાળકો ડરતા હતાં. ત્યાં શિક્ષકે સાથે રહી તેમના ભય સામે લડવાનું શીખવેલ. જે બાળકોને સમાજ સામાન્ય રીતે સ્વીકારે નહી. તેવા બાળકો ત્યાં મુકત પણે જીવનનો આનંદ લેતા હતાં. તેમજ Reliance Mall ની મુલાકાત લીધેલ. ત્યાંના સ્ટાફને થોડી મુંઝવણ હતી કે કોઇ બાળક વસ્તુ લઇને તોડી નાખશે અથવા તો ખાવા-પીવાની વસ્તુ આમ જુટવી લેશે કે રમકડા તોડી નાખશે તો ? પણ અત્યંત નવાઇપૂર્ણ રીતે આ મંદબુધ્ધિ બાળકોએ તમામ વસ્તુ જોઇ. શાંતીથી શિક્ષક જે વસ્તુ સમજાવે તે સાંભળી અને નતઢનવી ચોકલેટ, ક્રિમવાળા બિસ્કીટ જોયા પછી પણ એક પણ બાળકએ માગ્યુ નથી. જયારે ત્યાનાં સ્ટાફે ચોકલેટ આપી ત્યારે દરેક બાળકે પોતાના વાલી અને શિક્ષકની સામે જોઇને પરવાનગી લીધેલ ત્યારે ત્યાના સંચાલકોએ કીધુ કે સમધારણ બાળકો આવે ત્યારે ઘણાં એવા કિસ્સા બને છે પણ તમારા બાળકો પ્રભુનાં સાચા બાળકો છે. ત્યારબાદ તમામ બાળકો, શિક્ષકો, વાલીઓ અને રીક્ષાચાલકો ભાઇઓ સંકલ્પ હોટલમાં ઢોસા, ઇડલી, મેંદુવડાનો આનંદ લીધેલ. ત્યાં પણ બાળકો આ ખુરશી-ટેબલ પર બેસીને જમવાનો આનંદ તેમના ચહેરા પર છલકાતો હતો. જયારે કોઇ વેઇટર્સ તેમને પ્રેમથી પુછે કે ‘ચટણી જોઇ છે’ તો ત્યારે બાળકની આંખો એક ગર્વ, કરૂણાને કયાંક આસુ પણ હતાં ત્યારે તે એક મંદબુધ્ધિ બાળક કરતાં સન્માનપૂર્ણ નાનપણ ધરાવતો. એક સામાન્ય બાળક વધુ લાગતો હતો. આ કાર્યક્રમમાં શ્રી હરદિપભાઇ કામળીયાની જવાબદારીભરી કામગીરી સરાહનીય હતી. તેમજ શ્રી રિધ્ધિબેન, શ્રી દિપાલીબેન, શ્રી બકુલાબેન,

શ્રી અનસુયાબેન, શ્રી મોનાલીબેન પણ આયોજનને સફળ બનાવવા મહેનત કરેલ.


કાર્યક્રમનું સુંદર આયોજન અને સંકલન શ્રી નેહલબેન ગઢવીએ કરેલ. શ્રી મેઘજીખાન સાયબાણીએ આવી પ્રવૃત્તિમાં સક્રિય ભાગીદારી દાખવેલ હતી. આ સમગ્ર ખર્ચ એક સહયોગી દાતા તરફથી આપવામાં આવેલ. સંકલ્પ હોટલના સંચાલક તેમજ સંસ્થાનાં સક્રિય પૂર્વ વાલીશ્રી કેતનભાઇ દેસાઇએ ખૂબ જ આદરપૂર્વક, સંભાળપૂર્વક આ મંદબુધ્ધિ બાળકોની આગતા-સ્વાગતા કરેલ.


## ૪.૨.૪. હરિદ્વાર પ્રવાસ :-

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા છેલ્લા ૩૫ વર્ષથી જિલ્લાનાં વિવિધ વિસ્તાર અને વર્ગોમાંથી આવતાં મંદબુધ્ધિ બાળકોને તાલીમ અને પુનઃવસનનું કાર્ય કરે છે. સંસ્થાનાં હંમેશા પ્રયત્ન રહયાં કે આ મંદબુધ્ધિ બાળકો જીવનનું શ્રેષ્ઠ ચિત્ર જોવે, જીવનનાં અને જગતનાં શ્રેષ્ઠ અનુભવ તેમને પ્રાપ્ત થાય, વિશ્વની શ્રેષ્ઠ સગવડો અને ફેરફારોને નજીકથી જોવે, સ્પર્શે અને તેનો આનંદ લે. 'અંકુર' તેથી વર્ષમાં નત-નવા પ્રયોગો, અવનવી રીતોને જુદા-જુદા પ્રયાસો કરતું રહે છે. આ બાળકો પણ સામાન્ય માણસની જેમ જીવન અને જગત જોવે તે તેની આજુબાજુનાં જીવન અને પ્રકૃતિનો, પ્રવાસનો, સામાન્ય જન-જીવનનો આનંદ લે તે માટે પ્રવાસોનું આયોજન કરે છે. કાકા કાલેલકરે કહ્યું છે કે ૧૦૦ દિવસ વર્ગ શિક્ષણ અને ૧૦ દિવસનો પ્રવાસ શૈક્ષણીક અને તાલીમની દ્રષ્ટીએ સરખા જ અનુભવો છે.



મંદબુધ્ધિ બાળકોને શાળામાં તાલીમ આપવી અને પ્રવાસમાં લઇ જવાંએ સંપૂર્ણ ભિન્ન ઘટના. આવા બાળકોનો પ્રવાસ આમ સાહસ અને પડકાર માગી લે તેવી બાબત છે. આવો જ એક પડકાર શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીએ ઝીલ્યો હતો. તારીખ ૨૧/૦૨/૨૦૧૫ થી તા. ૦૩/૦૩/૨૦૧૫ દરમ્યાન શ્રીનાથજી, દિલ્હી, હરીદ્વાર, આગ્રા, જયપુરનો ૧૧ દિવસનો ૮૦ મંદબુધ્ધિ બાળકો સાથેનો પ્રવાસ યોજાયો હતો.






શ્રી પિનાભાઇ શામજીભાઇ ગુજરાતીએ તેમના માતૃશ્રી શાંતુબેનની પ્રેરણાથી આ સમગ્ર પ્રવાસનાં દાતા બન્યા હતા અને શ્રી બિન્દીબેન ત્રિવેદી એક નિષ્ઠાવાન અને સક્રિય કડી બન્યાં હતાં તેમણે આ બાળકોની સ્થિતિ અને પરિસ્થિતિ વર્ણવી અને આ બાળકોને ગુજરાત બહાર ગંગા સ્નાનનો લાહવો મળ્યો હતો.

આ પ્રવાસ ગુજરાતનાં મંદબુધ્ધિ બાળકોનાં પ્રવાસના ઈતિહાસમાં કદાચ સૌ પ્રથમ ઘટના હશે કે આટલા બધા દિવસ, આટલી મોટી સંખ્યામાં કોઇ શાળાએ આવું સાહસ કરીને પ્રવાસનું આયોજન કરેલ હોય.

પ્રવાસ નકકી થઇ ગયો પણ તેની પૂર્વ તૈયારીઓ ઘણો જ સમય અને ચિંતન માંગી લે તેવું હતું. મિટીંગ, ચર્ચા-વિચારણા, આયોજન વગેરેમાં દરેક કોઇ પોતાની સુજ અને સુચના મુજબ કાર્ય



કરવા લાગ્યું. દિવસો ૧૧ અને આ બાળકો જે આર્થિક સ્તરમાંથી આવે છે ત્યાંથી આટલા બધા દિવસોનાં કપડાંઓની અપેક્ષા રાખવી થોડું વધુ પડતું હતું. તેથી આચાર્યશ્રીએ આપેલી વૈચારીક સ્વતંત્રતા અને શૈક્ષણિક કાર્ય કરવાની મુકિતનાં લીધે સિલ્વરબેલ્સ શાળાનાં વિદ્યાર્થીને રજુઆત કરી કે તેમની પાસે વધારાના ગરમ-કપડા, જુના કપડા આ બાળકોને ભેટ આપે. ત્યાંથી કપડાંનો વરસાદ થયો દરેક બાળકની સાઈઝ માપી દરેક બાળકની કોથળીઓ અલગ થવા લાગી... બાળકોનાં કપડાની જરૂરિયાતની વાતની લોકોને ખબર પડવા લાગી. રિદ્ધીબેનનાં પ્રયત્નથી અને શ્રી અલ્પેશભાઇ શેઠનાં પાડોશી હોવાનાં નાતે ઓઢણી ફેશન તરફથી બધી જ પ્રવાસની છોકરીઓને ૬૦ જોડી ડ્રેસ મટીરીયલ્સ મળ્યા. શ્રી મેઘજીખાન એ છોકરા માટેનાં પ્રયત્ન શરૂ કર્યા અને બધા જ બાળકો માટે જીન્સનાં પેન્ટ પ્રાપ્ય થયાં.


બાળકોનાં મનમાં એક સંકલ્પના સ્પષ્ટ થવી જોએ કે રાત્રે સૂતા પહેલા હાથ-પગ, મોં ધોઇ અને નાઈટ ડ્રેસ પહેરીને સુવું જોઇએ અને રાત માટેનાં કપડા અલગ આવે એવી સંકલ્પના સ્પષ્ટ કરવા માટે પ્રવાસમાં આવતાં તમામ બાળકોનાં નાઈટ ડ્રેસ પણ દાતાએ આપેલ દાનમાંથી લેવાયા. દરેક બાળક પાસે એક સરખા સેન્ડલ હોય તો બધા જ મંદિરોમાં સરળતા રહે એવા વિચાર સાથે સેન્ડલ પણ લેવાયા અને દરેક સેન્ડલ પર બાળકનું નામ લખવામાં આવ્યું. પ્રવાસમાં જતા પહેલા બધા જ બાળકોને પ્રવાસ અંગેની જરૂરી તાલીમ આપવામાં આવી.

ફરવા જવાના બધા જ સ્થળે ખૂબ જ લોકો અને જાહેર સ્થળો આપણાં બાળકોની તકલીફો, સ્પીચ પ્રોબ્લેમનાં લીધે બાળકોની ગૂમ થવાની શકયાતા ઘણી જ વધી જતી હતી. તેથી દરેક બાળક માટે દૂરથી દેખાય તેવા રંગની વિશિષ્ટ કોટી બનાવવામાં આવી. જેના પર નંબર અંકિત કરવામાં આવ્યો અને શ્રી આરીફભાઇ અને શ્રી જયપાલભાઇએ બાળકોનાં આઇ-કાર્ડ બનાવ્યાં. બાળક જ્યારે

બસમાંથી નીચે ઉતરે ત્યારે કોટી અને આઈ-કાર્ડએ ફરજીયાત પહેરીને ઉતરવું એ નિયમ બની ગયો. રોજ સવાર-બપોર-સાંજનું મેનું નકકી થવા લાગ્યું.



બપોરે ૪ વાગ્યે બાળકોને કોરો નાસ્તો આપવો તેવું નકકી થયું. શાળાનાં શિક્ષક મિત્રો એ જ જવાબદારી લીધી અને દરેક વાર પ્રમાણેનાં નાસ્તા બોકસ તૈયાર કર્યા અને એ નાસ્તાનું લીસ્ટ પણ દરેક બસ પર લગાડી દેવામાં આવ્યું. ફર્સ્ટએડ કીટ બસ પ્રમાણેની તૈયારી શ્રી હરદીપભાઇ એ કરી અને સુંદર રીતે એની સંભાળ પણ લીધી.




૨૧/૦૨/૨૦૧૫ શનિવારનાં બપોરે ૩:૩૦ વાગ્યે સંસ્થાના ટ્રસ્ટીશ્રી વિનુભાઇ હકાણીને જન્મદિવસની શુભેચ્છા આપી. શ્રી બિન્દીબેનનું શાળાથી સન્માન કરી. શ્રી અલ્પેશભાઇ શેઠ, શ્રી દેવલભાઇ શેઠની શુભેચ્છા અને આશિર્વાદ લઇ આ પ્રવાસ વલ્લભીપુર જવા રવાના થયો. ત્યાં દાતા પરિવાર મિત્રોનું સન્માન માનદ્મંત્રી શ્રી અલ્પેશભાઇ, પ્રિન્સીપાલશ્રી મેઘજીખાને શાલ ઓઢાડી કર્યુ હતું. તેમજ તેમના માતૃશ્રી શાંતુબેનનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન શિક્ષકશ્રી નયનાબેન નાવડીયાએ કર્યુ હતું.

અહિં પ્રવાસ દરમ્યાન શિક્ષકોની દિનચર્યા પણ આ વિશિષ્ટ બાળકો સાથે વિશિષ્ટ બની ગઇ હતી. દરેક શિક્ષકને ત્રણ બાળકોની સંપૂર્ણ જવાબદારી સોપવામાં આવી હતી. બાળકની સવારથી જ શિક્ષકની સવાર પડતી, આવતીકાલનું શું સમયપત્રક રહેશે તે માટે બાળકોને આગલી રાતે જ માનસિક રીતે તૈયાર કરી દેવામાં આવતાં હતાં. સવારે બાળકને બ્રશ આપવાથી લઇ, તેને કપડા બેગમાંથી આપવા, નાના બાળકોને સ્નાનમાં લઇ જવાં, મોટા બાળકોને સ્નાન દરમ્યાન સુચના આપવી, બેગમાં કપડાં મુકવાથી લઇ સંપૂર્ણ તૈયાર કરીને નાસ્તા માટે લઇ જવા જેવી નાની-નાની બાબતો માટે પણ સભાન રહેવાનું અને કાર્ય કરવાનું.

જે સ્થળો પર જઈએ છીએ તે સ્થળોની વિગતોનું વિસ્તારથી વર્ણન કરવું. તેની કથા કહેવી, સમજાવવું, તે સ્થળ કયાં આવ્યુ છે? અહીંથી આપણું ઘર કેટલું દૂર છે? અહીંની શું વિશેષતા છે? એ બધુ જ તેમની કક્ષાએ જઇ સમજાવવું. બાળકો માટે એ બહુ જ મજાની ઘટના હતી જયારે અલગ અલગ સ્થળે તેમના નવા-નવા કપડામાં ફોટો પાડવાના. કોઇ તેમને ફોટામાંથી સાઇડમાં કરવાને બદલે તેમનાં જ ફોટા પાડતું હતું, એ હર્ષ તેમની આંખોમાં છલકાતો હતો. લાલ કિલ્લો જોઇને ''ભારત માતા કિ જય'', સલામી આપતા આ બાળકોનાં ચહેરા પર ભારતનો કર્તવ્યનિષ્ઠ નાગરીક ડોકીયા કરતો હતો. કુતુબ મિનારની ઉંચાઇ, લોટસ ટેમ્પલમાં જળવાતી શાંતિ, અક્ષરધામમાં હોડીમાં બેસી ભારત ઈતિહાસ દર્શન, સાંજ પડતાં ડાન્સીંગ ફુવારાની મોજ, ગેટ વે ઓફ ઇન્ડીયા પાસે ઉભા રહીને ફોટો પડાવવો. તેમની દિલ્હી હે મેરે યાર! ની પ્રતિતિ કરાવતા હતાં.

હરિનાં ઘર દ્વાર સમાન હરિદ્વાર સ્થળમાં વિવિધ પ્રાચીન અને અર્વાચીન મંદિરો, ગંગા આરતી, ગંગામાં સ્નાન કરી સાત ભવ તારીણી ગંગામાં ડુબકી મારીને પ્રણામ કરી પાણી સાથેની ગમ્મતમાં પણ એક નિર્દોષ બાળક દર્શિત થતું હતું.

રોપ-વે એટલે તો જાણે પ્લેનની સવારી તેમની માટે બની રહી હતી. આગ્રામાં આટલું મોટું ઘર જોઇને આશ્ચર્યચકિત પણ થયાં હતાં. આરસ નાં પથ્થરની કળા આ બાળકોને સ્પર્શે એટલી બૌધ્ધિકક્ષમતા તેમની ન હતી, પણ જીવનમાં આવું ક્યારે પણ જોયું નહિ એવું વિસ્મય તેમની આંખમાં સ્પષ્ટ દેખાતું હતું. જયપુરની ઉંચી દિવાલો, લાલ ઘરો અને કિલ્લાઓ, બગીચાઓ આમ રાજસ્થાની સભ્યતા તેમની યાત્રાનો એક ભાગ બન્યાં હતાં.



ખૂબ ભિન્ન ભિન્ન અનુભવો દરેક શિક્ષકનાં દરેક બાળક સાથે રહયાં હતાં. કયાંક આપણે તેમને ઓછાં આકયાં હતાં તો કયાંક તેમણે તેમની ક્ષમતા કરતાં વધુ જીવીને તમામ સરવાળા ખોટા પાડયા હતાં, કયાંક તેઓ સાંવેગિક રીતે સમૃધ્ધ છે. તેવી પ્રતિતિ આપણને કરાવી હતી. આવા અત્યંત ભીડ-ભાડ અને મનલોભક માહોલ વચ્ચે પણ કયાંય મંદબુધ્ધિ બાળકોએ ''બાળજીદ'' કરી ન હતી કે ''મને આ અપાવો'', ''મને આ લેવું છે.'', ''મને આ ખાવું છે.'', ''મને કોઇ તેડી લો.''

હા, સામાન્ય બાળકો ઘણાં અમે જોયા હતાં. કોઇપણ બાળકને કોઇપણ પ્રકારની તકલીફ પડી ન હતી. કોઇ બિમારી નહિ સંપૂર્ણ સ્વસ્થતાથી આ ૧૧ દિવસ અત્યંત આનંદપૂર્ણ રીતે પસાર કર્યા હતા. આ પ્રવાસ ચોકકસ તેમની માટે અવિસ્મરણીય હતો જ પણ તેમના માતા-પિતા માટે પણ બહુ જ સંભારણીય ઘટના હતી.

કેટલાય દાદા એવું કહેતા હતા કે આ બાળક જે ગંગાજળ લાવ્યું છે. મૃત્યુ વખતે મને એ જ છેલ્લે આપ જો! આવી અનેક હૃદયસ્પર્શી વાતો બહાર આવી હતી. આ પ્રવાસનાં દિવસો દરમ્યાન કયારેય બાળકોએ ઘર કે મમ્મીને યાદ કર્યા ન હતાં. તે વસ્તુ દર્શાવે છે કે શિક્ષકોએ પ્રવાસ દરમ્યાન બાળકોને ઘર અને માતા-પિતાની યાદ આવવા દીધી નાં હતી તેટલી સંભાળ લીધી હતી.


આ સમગ્ર પ્રવાસમાં બધા જ શિક્ષક મિત્રોનો ઉત્સાહ સરાહનીય હતો. શાળાનાં પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણી, શ્રી નેહલબેન ગઢવી તથા શ્રી દિપાલીબેને આ સમગ્ર પ્રવાસનું આયોજન કર્યુ હતું.

# હરિદ્વાર પ્રવાસ માટે દાનની વિગત

| ક્રમ | દાતાનું નામ | | વિગત |
|---|---|---|---|
| ૧) | શ્રી પીનાભાઇ ગુજરાતી<br>સૌજન્ય : શ્રી બિન્દીબેન ત્રિવેદી | | સંપૂર્ણ પ્રવાસ ખર્ચ |
| ૨) | (૧) હરી ૐ કેમીકલ્સ : | રૂા. ૧૦,૦૦૦/- | પ્રવાસ દરમ્યાન ઉપયોગમાં લેવા માટેની કોટી |
| | (૨) યશ કેમીકલ્સ : | રૂા. ૫,૦૦૦/- | |
| | (૩) શ્રી કે. એમ. ઈન્સ્ટીટયુટઃ | રૂા. ૧૦,૦૦૦/- | છોકરીઓનાં નાઈટ ડ્રેસ |
| | (૪) વૃંદાવન ટેક્ષટાઈલ : | રૂા. ૨,૫૦૦/- | અન્ય ખર્ચ રૂા. ૩૦,૦૦૦/- |
| | (૫) હંસાબેન જયેન્દ્રભાઇ શાહ-<br>સૌજન્ય : શ્રી દેવલભાઈ શાહ | રૂા. ૨,૫૦૦/- | |
| ૩) | શ્રી નેહલબેન ગઢવી | | બાળકોનાં સેન્ડલ (રૂા. ૧૨,૮૦૦/-) |
| ૪) | શ્રી ક્રિષ્નાબેન રૂપેરા<br>શ્રી ભાવનાબેન અંધારીયા<br>શ્રી મોનાલીબેન ઉપાધ્યાય<br>શ્રી રિધ્ધીબેન મહેતા | રૂા. ૪,૦૦૦/- | જરૂરિયાતવાળા બાળકોને કપડા |
| ૫) | ‘ઓઢણી’ ફેશન તરફથી :<br>સૌજન્ય : શ્રી રિધ્ધીબેન મહેતા | | ૬૦ ડ્રેસ મટીરીયલ્સ પ્રવાસની છોકરીઓ માટે. |
| ૬) | ‘તનિષ્ક’ તરફથી : | | છોકરાઓનાં નાઈટ ડ્રેસ રૂા. ૧૫,૦૦૦/- |
| ૭) | શ્રી સિલ્વર બેલ્સ સ્કૂલ તરફથી :<br>શ્રી ભાવનાબેન અંધારીયા, શ્રી નેહલબેન ગઢવી, શ્રી મેઘજીખાન સાયબાણી | | જરૂરીયાતવાળા બાળકો માટે કપડા |
| ૮) | શ્રી આરીફભાઈ જેઠવા | | સ્વાઈન ફૂલ માટેનાં માસ્ક |
| ૯) | શ્રી કમલેશભાઇ ભડીયાદ્રા/ શ્રી જયેશભાઇ દેસાઇ | | સ્વાઈન ફૂલ માટેનાં માસ્ક |
| ૧૦) | માનવ સેવા ટ્રસ્ટ | | ૪૦ જીન્સના પેન્ટ |
| ૧૧) | નાસ્તાની વિગત : | | ૧ દિવસ - શ્રી નાયનાબેન નાવડીયા<br>૨ દિવસ - શ્રી ક્રિષ્નાબેન રૂપેરા<br>૨ દિવસ - શ્રી મોનાલીબેન ઉપાધ્યાય<br>૧ દિવસ - શ્રી ભાવનાબેન અંધારીયા<br>૨ દિવસ - શ્રી મુની પેંડાવાળા<br>૨ દિવસ - ચિ. ભગીરથનાં વાલી |

❖ શ્રી અનંતરાય એ. શાહ (શ્રી મફતભાઇ) તરફથી વેફર બિસ્કીટ

### ૪.૨.૪. ખોડીયાર મંદિર અને ગૌતમેશ્વર (સિહોર) ખાતે પીકનીક :-



હરિદ્વાર પ્રવાસ દરમ્યાન શાળામાં હાજર રહેલ બાળકોને તા. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫ નાં રોજ ખોડીયાર મંદિર તેમજ તા. ૨ માર્ચ, ૨૦૧૫ ના રોજ ગૌતમેશ્વર ખાતે પીકનીકમાં લઇ ગયેલ. જયાં બાળકોને રોપ-વેમાં બેસાડી ખુબ જ આનંદ કરાવવામાં આવેલ. શ્રી વિક્રમભાઇ આદેસરાએ આ પીકનીકનો સંપૂર્ણ ખર્ચ આપેલ.

આ પીકનીકનું સંપૂર્ણ સંકલન શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ.

લહરો સે ડરકર નૌકા પાર નહીં હોતી
કોશિશ કરને વાલોંકી હાર નહીં હોતી

અસફળતા એક ચુનૌતી હૈ, ઇસે સ્વીકાર કરોં,
કયા કમી રહ ગયી ? દેખો ઔર સુધાર કરો
જબ તક ના સફલ હો, નીંદ ચૈન કી ત્યાગો તુમ
સંઘર્ષ કા મેદાન છોડકર મત ભાગો તુમ


કુછ કીયે બીના હી જય-જયકાર નહીં હોતી
કોશિશ કરને વાલોં કી હાર નહીં હોતી.

**- શ્રી હરિવંશરાય બચ્ચન**


## ૪.૩. રમત-ગમત

''પ્રતિભા પોતાનો રસ્તો પોતે જ શોધે છે અને પોતાની મશાલ પોતે જ પકડે છે''

### ૪.૩.૧. સ્પોર્ટસ ટ્રેનર તરીકે પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીની પસંદગી




સ્પેશ્યલ ઓલિમ્પિક ભારત દ્વારા CDM એટલે કે 'Coach Development Model' એવા એક કાર્યક્રમનું આયોજન તા. ૨૪/૦૮/૨૦૧૪ થી તા. ૨૮/૦૮/૨૦૧૪ દરમ્યાન ચેન્નાઇ ખાતે થયેલ. જેમાં શાળાનાં પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીની સ્પેશ્યલ ઓલિમ્પિક ગુજરાત ભારત દ્વારા પસંદગી થયેલ. જે સંસ્થા માટે અત્યંત ગૌરવની બાબત છે. જયાં CDM ને વિશ્વમાંથી આવેલ અલગ-અલગ કોચને એવી તાલીમ આપવામાં આવે છે કે તેમના ક્ષેત્રની વિવિધ રમતોને આ મંદબુધ્ધિ બાળકને કઇ રીતે શીખવે, તેમને કઇ રીતે સલાહ, સુચન અને માર્ગદર્શન પુરૂ પાડે અને તેની ક્ષમતાને શ્રેષ્ઠતમ રેખા સુધી પહોંચાડી તેની વિજયી બનાવવી. આ કાર્યક્રમનો આશય વિશ્વમાં બધા જ મંદબુધ્ધિ બાળકને એક સરખી અને વિશિષ્ટ તાલીમની એકરૂપતા જળવાઇ રહે, જેથી કરીને કોઇપણ દેશનો કોઇપણ ખેલાડી વિશ્વનાં કોઇપણ ભાગમાં પોતાની રમતનો ઉત્તમ દેખાવ કરી શકે. આ દિવસો દરમ્યાન શ્રી મેઘજીખાનને અલગ-અલગ રમતો, એ રમત માટેની પૂર્વ તૈયારી, કૌશલ્ય વિકાસ નીતિઓ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. તેમજ રમત માટેના જરૂરી Best Practises in Nutrition, psychological and Injury Prevention ની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. જેમાં શ્રી મેઘજીખાન સાયબાણીને સ્પેશ્યલ ઓલિમ્પિક ક્રિકેટ કોચીંગની આવી તાલીમ આપવામાં આવેલ. જેથી કરીને તેઓ ભારતીય રમતવીરોને ક્રિકેટની વિશ્વ કક્ષાની તાલીમ આપી શકે. તેની આ વિશિષ્ટ આવડત અને સિધ્ધી બદલ શાળા પરીવારે મેઘજીખાનને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ અને આશા વ્યકત કરેલ કે આવતા દિવસોમાં અંકુરનાં કોઇ બાળકને આતરરાષ્ટ્રીય સ્તરે ફરીથી ચમકાવે.



### ૪.૩.૨. રાષ્ટ્રીય સ્તરે 'અંકુર'ના બાળકોની સિધ્ધી :-

તા. ૩૦ જુન થી ૫ જુલાઇ દરમ્યાન દિલ્હી ખાતે યોજાયેલ હેન્ડબોલની નેશનલ ચેમ્પીયનશીપમાં શાળાની તાલીમાર્થી શ્રી શ્રેયા ચાવડાએ ભાગ લીધેલ. તેમજ તા. ૧૪ થી ૨૩ જૂલાઇ દરમ્યાન પટના (બિહાર) ખાતે યોજાયેલ બોચીના રાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં શાળાના તાલીમાર્થી શ્રી હિતેશ ધોળકિયા તથા શ્રી મહિપાલસિંહ જાડેજાએ ભાગ લઇ રાષ્ટ્રીય કક્ષાએ અંકુરનું નામ રોશન કરેલ.

શાળાનાં પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ નીચે શાળાના સ્પોર્ટસ શિક્ષક શ્રી સંદિપભાઈ મહેતા તથા શ્રી અવનીબેન દવેએ ઉપરોક્ત બાળકોને તાલીમ આપેલ.







## ૪.૩.૩. સ્પેશ્યલ ખેલ-મહાકુંભ ૨૦૧૪ :-


- તા. ૧૩ થી ૧૪ ઓકટોબર, ૨૦૧૪ દરમ્યાન ભાવનગર શહેરના સ્પોટર્સ કોમ્પ્લેક્ષ ખાતે સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં, શાળાના ૧૩૨ બાળકોને વિવિધ એથ્લેટીકસ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ ૧૨ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લીધેલ.




- તા. ૧૮ થી ૨૧ નવેમ્બર, ૨૦૧૪ દરમ્યાન હિંમતનગર ખાતે સંપન્ન થયેલ રાજયકક્ષાના સ્પેશ્ય ખેલ મહાકુંભમાં વિવિધ એથ્લેટીકસ અને ટીમ ગેઈમમાં કુલ ૧૨ બાળકોએ ભાગ લઈ ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ ભાવનગરનું નામ રોશન કરેલ. આ બાળકોને શાળાના સ્પોર્ટસ ટીચર શ્રી સંદીપભાઈ મહેતા અને શ્રી અવનીબેન દવે તેમજ સમગ્ર સ્ટાફની મહેનતથી આ કાર્યમાં જ્વલંત સફળતા મળી હતી તે સરાહનીય છે.

## ૪.૩.૪. મુંબઇ ખાતે આયોજીત હેન્ડબોલ ટુર્નામેન્ટમાં શાળાના બાળકોનો ઉત્કૃષ્ઠ દેખાવ

તા. ૨૮ થી ૩૦ નવેમ્બર ૨૦૧૪ દરમ્યાન મુંબઇ ખાતે PHOENIX SPORTS દ્વારા સ્પેશ્યલ બાળકો માટે આયોજીત ''મિહિર અધિકારી મેમોરીયલ ઇન્વીટેશનલ હેન્ડબોલ ટુર્નામેન્ટ''માં ભાવનગર સ્થિત





અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના ભાઈઓ તથા બહેનોની ટીમોએ ભાગ લઈ, તેમના ગૃપમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ભાવનગરનું નામ રોશન કરેલ. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની સંપૂર્ણ વ્યવસ્થા સંસ્થાના સક્રિય ટ્રસ્ટી શ્રી જયેશભાઈ દેસાઈ અને શ્રી પ્રકાશભાઈ દેસાઈએ કરી આપેલ. તેમજ આયોજકો દ્વારા વિનામૂલ્યે રહેવા-જમાવા તથા આવવા-જવાના ખર્ચની પણ વ્યવસ્થા કરી આપવામાં આવેલ. આ ટુર્નામેન્ટમાં ભાઈઓ તથા બહેનોના ગૃપમાં કુલ ૮ ટીમ હાજર રહેલ. આ ટુર્નામેન્ટમાં બાળકો સાથે એસ્કોર્ટ કમ મેનેજર તરીકે શ્રી પારુલબેન પાઠક, શ્રી રેશ્માબેન શાહ, શ્રી અવનીબેન દવે, શ્રી કિંજલબેન ચોપડા, શ્રી જયપાલભાઈ ગોહિલ, શ્રી હરદિપભાઈ કામળીયા, શ્રી સંદિપભાઈ મહેતા, શ્રી આરીફભાઈ જેઠવાએ સેવા આપેલ.

૪.3.૪. વર્ષ દરમ્યાન રૂા. ૧,૨૫,૦૦૦/- ના રમત-ગમતના સાધનો દાતાશ્રી એચ. કે. વખારીયા સાહેબ (SPA ટ્રસ્ટ) તરફથી શાળાને મળેલ છે. જે માટે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## ૪.૪. અમારી અન્ય પ્રવૃત્તિઓ

### ૪.૪.૧. દશાબ્દી મહોત્સવ પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન અહેવાલ અર્પણ વિધીઃ-

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ફાઉન્ડર ટ્રસ્ટી સ્વ. ડોકટર કૃષ્ણપ્રસાદ દોશી દ્વારા વર્ષ ૧૯૭૯માં શરૂ થઈ. પ્રારંભમાં સંસ્થાને પોતિકું કેમ્પસ કે બિલ્ડીંગ અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર ન હતું. શહેરનાં ગીચ વિસ્તારમાં, ટ્રસ્ટી શ્રી રમણીકલાલ મનોરદાસ શાહની સંસ્કૃત પાઠશાળામાં વગર ભાડાથી તદ્દન નાના પાયે પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો. બાળકોની સંખ્યા વધતાં શાળાનું કાર્ય, પી.એન.આર. સંલગ્નિત અંધશાળા, બહેરાં મૂંગા શાળામાં થતું રહયું. વર્ષ ૧૯૯૯ સુધી (૨૦ વર્ષ) રઝળપાટની જેમ, ટાંચા સાધનો અને સ્ટાફ સાથે કામ ચાલતું રહયું.



સંસ્થાને, ભાવનગર મ્યુનિ. તરફથી ૧૬૦૦ વારનો પ્લોટ, સરદારનગર ખાતે મળેલ. જેમાં મંદબુધ્ધિને આવશ્યક પાયાના અને ભવિષ્યના વિકાસ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટક્ચર વ્યવસ્થા સાથે, નવા કેમ્પસમાં ૧૯૯૯માં બેઈઝમેન્ટ તથા ગ્રાઉન્ડ ફ્લોરનું બાંધકામ પૂરૂ થયું. વર્ષ ૧૯૯૯ થી ૨૦૦૯ આમ દસ વર્ષનો ગાળો, 'અંકુર'માં સિમાચિન્હ બન્યો. આજે આ પાયામાં ઉપલબ્ધ સુવિધાઓ સાથે, ગુજરાત રાજયની શ્રેષ્ઠ શાળા તરીકે 'અંકુર'ને વર્ષ ૨૦૧૨નો એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. શાળાને મળેલો આ યશ ટ્રસ્ટીઓ, દાતાઓ, સ્ટાફ, વાલીઓ, મિડીયા વિગેરેને ફાળે જાય છે.

વર્ષ ૧૯૯૯ મારાં માટે પણ, નિવૃત્તિ સમયની દિશા નકકી કરવા, માર્ગદર્શક વર્ષ બન્યું. 'અંકુર'નું નવું કેમ્પસ વર્ષ ૧૯૯૯માં અસ્તિત્વમાં આવ્યું અને મારી કેન્દ્ર સરકારની નોકરીમાંથી ૧૯૯૯ માંથી નિવૃત્તિએ મને, 'અંકુર'માં પૂર્ણ સમયની માનદ્ મંત્રી તરીકેની મુખ્ય જવાબદારી, વડીલ મિત્રોએ સોંપી.

સને ૨૦૧૦ સુધી આ જવાબદારી મેં નિષ્ઠાપૂર્વક, રસપૂર્વક નિભાવી. વર્ષ ૧૯૫૪થી વિવિધ સંજોગોમાં, પી.એન.આર. સંલગ્નિત સંસ્થાઓનો ટ્રસ્ટી તરીકેનો સંચાલનનો મારો અનુભવ, 'અંકુર'ની સ્વતંત્ર મુખ્ય જવાબદારી સફળતા અને સંતોષનું મહત્વનું પરિબળ રહયું.


દસ વર્ષ વ્યકિત અને સંસ્થાના જીવનમાં મહત્વનો સમયગાળો છે. મારા પરિવારમાં મારા પત્ની અને 'અંકુર'ના બાળકોના 'ઈન્દુ'બા અને મારી પુત્રી, મંદબુધ્ધિ ક્ષેત્રે મહત્વનું પ્રેરકબળ રહયાં.

આ દશાબ્દીમાં જયારે 'અંકુર'નો સર્વાંગી વિકાસ થવા પામ્યો, તેમાં સ્ટાફનો સિંહ ફાળો છે. માટે તો દશાબ્દી મહોત્સવ ઉજવાયો પણ સ્મરણિકા શકય ન બની. મોડેથી પણ તા. ૧૬ જૂન ૨૦૧૪માં આ કાર્ય સંપન્ન થયું. જેના અહેવાલની અર્પણવિધિ, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અનંતરાય કે. શાહને અહેવાલની નકલ, સ્ટાફ મિટીંગમાં અન્ય ટ્રસ્ટીઓ અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં અર્પણ કરી.

આ પ્રકારનો દસ વર્ષથી સમગ્ર પ્રવૃત્તિઓનો અભ્યાસ અને તેની હસ્તપ્રત પ્રકાશન, પી.એન.આર. અને 'અંકુર'ના ઈતિહાસમાં પ્રથમ પ્રયત્ન છે. અહેવાલોના ડેટા-માહિતી સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, એમ.એસ.ડબલ્યુ. મેનેજમેન્ટ તથા સર્વ શિક્ષણ સંશોધન કર્તાઓને ઉપયોગી સાબિત થશે, જે નિર્વિવાદ છે. સંસ્થાને પણ ભવિષ્યના વિકાસ માટે પથદર્શક જ ગણાય તેવા હેતુસર તૈયારી કરી. મેં ડેટા એકત્રીકરણ અને સંકલન કરી, મારા પરિવાર તરફથી આ અહેવાલની જરૂરી મર્યાદિત નકલ 'અંકુર' સંસ્થાને ચરણે ધરતાં મને અત્યંત આનંદની અનુભૂતિ થાય છે.

અનંત એ. શાહ
પૂર્વ માનદ્મંત્રીશ્રી

## ૪.૪.૨. નવા પ્રવેશ પામેલ બાળકોના વાલીઓ માટે ઓરીએન્ટેશન પ્રોગ્રામ:-



મંદબુદ્ધિ બાળકો અને તેમની સમસ્યાઓ, તેમના ઉપચારો અને તેમની તાલીમ માટે લેવાતા સઘન પ્રયત્નો પ્રત્યે આવનાર વાલી સભાન બને, જાગૃત બને તેને માહિતી થાય કે તેનું બાળક શાળામાં આવી શું કરવાનું છે, શું કરશે અને વાલીએ ઘરે કયા પ્રકારનાં તાલીમ આપવી જેથી કરીને આ મંદબુદ્ધિ બાળકને તેનાં અસ્તિત્વને પ્રસ્થાપિત કરવા માટેનાં રસ્તાઓ સરળ બને. એવા એક આશય સાથે દર વર્ષે નવા પ્રવેશ પામેલા બાળકોનાં વાલીને એક દિવસીય માહિતી સભર કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે તા. ૨૩/૭/૨૦૧૪ ના રોજ ઓરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૨૩ વાલીઓ ઉપસ્થિત રહેલ.

પ્રોગ્રામની શરૂઆતમાં મ.શિ.શ્રી પારૂલબેન પાઠક દ્વારા શાબ્દીક સ્વાગત કરવામાં આવેલ. આ ઓરીએન્ટેશન પ્રોગ્રામમાં મંદબુદ્ધિ બાળકોની તાલીમ તેમજ બાળકોને આપવામાં આવતી વિવિધ થેરાપીઓ અને તેના ફાયદાઓ તેમજ મંદબુદ્ધિ બાળકોને સરકારશ્રી તરફથી મળતા વિવિધ લાભો વિશે શાળાનાં પ્રીન્સીપાલશ્રી મેઘજીખાન દ્વારા માહિતી આપવામાં આવેલ. તેમજ મંદબુદ્ધિ બાળકોની વર્તન સમસ્યા તેમજ મંદબુદ્ધિ બાળકોની તાલીમ - વિકાસમાં વાલીના ફાળા વિશે મ.શિ.શ્રી પારૂલબેન પાઠક દ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ.

આ ઓરીએન્ટેશન પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો અંગેની માતા-પિતા તેમજ શિક્ષકની મુખ્ય કામગીરીની તેમજ ભૂમિકા સ્પષ્ટ કરવાનો હોય છે.

આ સમગ્ર પ્રોગ્રામનું આયોજન અને સંચાલન મ.શિ.શ્રી પારૂલબેન પાઠક દ્વારા કરવામાં આવેલ. આમ, આ ઓરીએન્ટેશન પ્રોગ્રામ શાળાનાં પ્રીન્સીપાલ શ્રી મેઘજીખાનની દેખરેખ નીચે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## ૪.૪.૩. મહિલા સશકિતકરણ પખવાડીયુ :-




ઐતિહાસિક અભિયાન અંતર્ગત તા. ૦૨/૦૮/૨૦૧૪ નાં રોજ 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળામાં 'મહિલા સશકિતકરણ' ને ધ્યાનમાં રાખી સંસ્થાનાં સ્ટાફ માટે આ વિષયને અનુલક્ષીને એક વકતવ્યનું આયોજન કરેલ. જેમાં 'સ્ત્રી અને સ્ત્રીનું આકાશ' તે વિષય પર સ્ત્રીની ગઈકાલની સ્થિતિ, આજની તેની માનસિકતા અને તે માટે તેની પોતાની મર્યાદામાંથી કઇ રીતે બહાર આવી પોતાનું સશકિતકરણ ખુદ પોતે કઇ રીતે કરી શકે તેના પર વિસ્તૃત ચર્ચા સંસ્થાનાં શિક્ષક શ્રી નેહલબેન ગઢવીએ આપેલ.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીની દેખરેખ હેઠળ થયેલ અને તેમણે સ્ત્રીનાં ઉજ્જવળ ભવિષ્ય અંગે શુભેચ્છા પાઠવેલ અને સંસ્થાનાં ટ્રસ્ટીશ્રી અલ્પેશભાઈ શેઠ પણ વિશેષ ઉપસ્થિત રહેલ.

સૌ કોઈ આ ગુજરાત સરકારનાં સોપાન અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની વિચારસરણીને અભિનંદન પાઠવેલ.

## ૪.૪.૪. રંગપૂરણી સ્પર્ધા :-



તા. ૨૦/૦૯/૨૦૧૪ ના રોજ શાળા ખાતે પ્રિયા ફિલ્મસ દ્વારા ઉડાન કાર્યક્રમ અંતર્ગત રંગપૂરણી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ પ્રોગ્રામમાં આમંત્રીત મહેમાન તરીકે શ્રી બ્રિજેશભાઈ શાહ, શ્રી મનીષભાઈ મકવાણા (એનીમલ હેલ્પ લાઈન), શ્રી નીતાબેન યાદવ (શૈશવ ચાઈલ્ડ લાઈફ), શ્રી ગુરૂપ્રીતસિંઘ ગીલ (ટ્રસ્ટી સ્નેહા ફાઉન્ડેશન) હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કરેલ. આ સ્પર્ધાનાં અંતે દરેક બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવેલ.

આ પ્રોગ્રામ સફળ બનાવવા માટે મહેન્દ્રભાઈ વાઘેલા (પ્રિયા ફિલ્મસ) ખુબ જ સરાહનીય કામગીરી બજાવેલ, કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ કરી અને સમગ્ર આયોજન અને સંકલન શાળાના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીએ સુંદર રીતે કરેલ.

## ૪.૪.૫. ડોકયુમેન્ટરી શુટીગ :-



પી.એન.આર. સોસાયટી સંલગ્ન દરેક સંસ્થાઓની પ્રવૃત્તિઓ અંગેની એક ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવાનું નકિક થયેલ જે અંતર્ગત તા. ૧૯/૧૧/૨૦૧૪ ના રોજ અંકુર શાળાના દરેક વિભાગોનું પ્રવૃત્તિઓનું શુટીંગ થયેલ. શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી નેહલબેન ગઢવી દ્વારા આ સમગ્ર શુટીંગનું સરસ રીતે સંકલન કરવામાં આવેલ.

### ૪.૪.૬. પેટ્રોલ બચાવો કાર્યક્રમ :-



હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા તા. ૨૯/૦૧/૨૦૧૫ નાં રોજ 'ઈંધન બચાવો, જન ધન બઢાઓ' વિષય પર ચિત્ર સ્પર્ધા અને રેલીનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૫૦ બાળકોએ ભાગ લીધેલ. જેમા ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ત્રણ આવેલ બાળકોને ઈનામ તેમજ દરેક બાળકોને ટી-શર્ટ તથા કેપ આપવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ શ્રી રેશ્માબેન શાહે કરેલ.

*અમે ફલાણા ફલાણા નથી, ફલાણા નથી,*
*અમે તો જે છીએ તેવા જ જન્મજાત છીએ.*

*છે વ્યર્થ શોધ અમારી સળંગ હસ્તીની*
*અમે આ વિશ્વમાં કેવળ પ્રસંગોપાત છીએ.*

*અમે વિસ્તર્યા, પણ વિલાતા જ ચાલ્યા*
*હતા ગામટીંબો, શહેરાઈ બેઠા.*

*ઈચ્છાઓ, અપેક્ષાઓ, નિરાશાઓ, વ્યથાઓ*
*એક શ્વાસની પૂતળીને ઘણી બેનપણી છે.*

**- શ્રી ભગવતીકુમાર શર્મા**

## ૫: એડલ્ટ વોકેશનલ એન્ડ ક્રિએટીવીટી ટ્રેનીગ સેન્ટર

"આપણે બધા રહીએ છીએ તો એક જ આકાશ નીચે,
પરંતુ દરેકની ક્ષિતિજ જુદી-જુદી હોય છે."

વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં કુલ ૨૩ બાળકોએ વર્ષ દરમ્યાન તાલીમ લીધેલી. બાળકોએ રાખડી, મિણબત્તી, શોપિંગ બેગ, તોરણ, કિ-ચેઈન, કવર, આસન, બટવા, કાર્ડ, પેપર બેગ, મોબાઈલ પર્સ અને મની કવર જેવી વસ્તુઓનું ઉત્પાદન કરી કુલ રૂા. ૫૧,૬૬૩/- ની વસ્તુઓનું વેચાણ કરેલ.

### ૫.૧. રાખડી પ્રોજેક્ટ - ૨૦૧૪ :-

શાળાના વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં વર્ષ ૨૦૧૪ ના રાખડી પ્રોજેક્ટ અંતર્ગત રાખડીના રો-મટીરીયલ્સની ખરીદી, બનાવટ, પેકીંગ અને વેચાણમાં અલગ-અલગ રૂપે પ્રિ-વોકેશનલ-૧,૨,૩ અને વોકેશનલ-૧,૨,૩ ના બાળકો તથા શિક્ષકોએ સાથે રહીને કાર્ય કરેલ.




રાખડીની બનાવટ એટલી સુંદર હતી કે આ વર્ષે પણ વેચાણ ખૂબ જ સરસ થયેલ. અલગ અલગ સ્કુલ અને કોલેજો જેમ કે, મુકતાલક્ષ્મી સ્કુલ, માજીરાજ સ્કુલ, સિલ્વર બેલ્સ, સરદાર પટેલ, નંદકુંવરબા, વળીયા કોલેજ, સહજાનંદ કોલેજ, ફાર્મસી કોલેજ, નંદકુવરબા કોલેજ, ગુરૂકુળ કોલેજ (અકવાડા), અંગ્રેજી ડીપાર્ટમેન્ટ, ગુજરાતી ડીપાર્ટમેન્ટ વિગેરે તેમજ આનંદ વાટીકા ભગીની મંડળ તેમજ શ્રી ગોવર્ધનનાથજી હવેલી - પરીમલ ખાતે રાખડીનું વેચાણ કરેલ. ઉપરોકત સ્થળો ઉપરાંત 'અંકુર' સ્ટાફ પરિવારના સભ્યો, વાલીઓ અને બાળકો દ્વારા પણ રાખડીનું વેચાણ કરવામાં આવેલ. કુલ મળી આ વર્ષે રૂા. ૨૩,૫૮૫/- નું વેચાણ થયેલ.

### ૫.૨. મીણબત્તી પ્રોજેક્ટ.

દર વર્ષની જેમ આ વર્ષે પણ અંકુરમાં મીણબત્તી પ્રોજેક્ટ પ્રિ-વોકેશનલ અને વોકેશનલ ગ્રૂપના બાળકો અને શિક્ષકોના સહિયારા પુરૂષાર્થથી કરવામાં આવેલ.મીણબત્તીનું વેચાણ રોટરી કલબ, ફાતીમા કોન્વેન્ટ સ્કૂલ, હોલમાર્ક ગીફ્ટ શોપ, પ્રસાર, ફેશનપ્લાનેટ ગીફ્ટ શોપ અને અંકુર સ્કુલમાં કરેલ. મીણબત્તીનું કુલ વેચાણ રૂા. ૧૫,૦૦૦/- થયેલ. આ વેચાણ કાર્યમાં સંસ્થાના શિક્ષકોએ ખૂબજ સહયોગ આપેલ. જેમાં સર્વશ્રી વર્ષાબેન પટેલ, નયનાબેન નાવડીયા, કોમલબેન રૂપેરા, હિનાબેન ગળથરીયા તથા નેહલબેન ગઢવીએ મીણબત્તીની બનાવટ અને વેચાણમાં સારો એવો સહકાર આપેલ.



## ૫.૩. વોકેશનલ સેન્ટર અંગે મીટીંગ :-

તા. ૦૯/૧૧/૨૦૧૪ ના રોજ આપણી શાળામાં ચાલતા વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરમાં સર્ટીફિકેટ કોર્સ તેમજ ઈન્કલુઝીવ એજ્યુકેશન શરૂ કરવા અંગે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં મનોવિકાસ સંસ્થા દિલ્હીથી આવેલા ડો. આલોક કુમાર ભૂવન તેમજ શ્રી વિક્રમ દત્ત સાથે ટ્રસ્ટીઓ તેમજ ડો. ધંધુકીયા સાહેબ, શ્રી લાભુભાઈ સોનાણી ઉપસ્થિત રહેલ.

## ૫.૪. વિઝન ૨૦૨૦ :-



ભાવનગર સ્થિત સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા તા. ૧૧ થી ૧૪ ડીસેમ્બર, ૨૦૧૪ દરમ્યાન આયોજીત વિઝન ૨૦-૨૦ નાં ઉદ્‌ઘાટન સમારોહમાં શાળાનાં બાળકો દ્વારા 'દેશ રંગીલા...' કૃતિ રજુ કરવામાં આવેલ. તેમજ આ ચાર દિવસીય પ્રદર્શનમાં શાળાનાં વોકેશનલ ટ્રેઈનીંગ સેન્ટરનાં બાળકો દ્વારા ઉત્પાદિત થયેલ વસ્તુઓનું એકઝીબિશન કમ સેલ કરવામાં આવેલ. આ અંગેની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી હેવલભાઈ શાહે કરી આપેલ. જેમાં ભાવનગરની જનતાનો સારો પ્રતિભાવ મળેલ. આ કાર્યક્રમનાં ઉદ્‌ઘાટન સમારોહમાં શાળાના મ્યુઝીક થેરાપીસ્ટ ડો. ભાવનાબેન અંધારિયા દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવેલ તેમજ ચાર દિવસીય એકઝીબીશન કમ સેલમાં શ્રી નયનાબેન નાવડીયા, શ્રી જયપાલભાઈ ગોહિલ, શ્રી હરદિપભાઈ કામળીયા વગેરેએ હાજર રહી શાળાના પ્રિન્સીપાલશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સરાહનીય કામગીરી બજાવેલ.

## ૫.૫. એકઝીબિશન કમ સેલ :-

તા. ૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૪ દરમ્યાન દિપક હોલ ખાતે શ્રી ઈલાબેન કાપડીયા, ભાવનગર દ્વારા યોજાયેલ એકઝીબિશન કમ સેલમાં શાળાના બાળકોએ બનાવેલ વસ્તુઓનું વેચાણ કરવામાં આવેલ. વિશેષમાં શ્રીમતી ઈલાબેને ઉદ્‌ઘાટન સમારોહમાં અંકુરના બાળકોને નિમંત્રિત કરી અને પોતાના એકઝીબીશનમાં ફ્રી ઓફ ચાર્જ એકઝીબશન કમ સેલમાં ભાગ લેવાની તક આપી સોશ્યલ પાર્ટનરશીપનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. આ કાર્યક્રમમાં શ્રી વર્ષાબેન પટેલ, શ્રી નયનાબેન નાવડીયા અને શ્રી મોનાલીબેન ઉપસ્થિત રહેલ.

# ૬. નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી

"ઘણીવાર જિંદગીમાં એવું બને છે કે કોઈક સવાલો ઘણા અટપટાં હોય છે
પણ તેનાં જવાબો સરળ હોય છે."

## ૬.૧. નિરામયા (મેડીકલ હેલ્થ ઇન્સ્યોરન્સ પોલીસી)

નેશનલ ટ્રસ્ટ અંતર્ગત મંદબુધ્ધિ બાળકો માટે અનેક ઉપયોગી યોજનાઓ મુકવામાં આવી છે. જેમા...


| | | |
|---|---|---|
| નિરામય હેલ્થ ઈન્સ્યોરન્સ | : | મેડીકલેમ |
| સમર્થ | : | લાંબા ગાળાની નિવાસી સુવિધા |
| ઘરોંદા | : | કાયમી આવાસિય સુવિધા |
| લીગલ ગાર્ડીઅનશીપ | : | કાયદેસરના વાલી નિમવાની યોજના |

જ્ઞાનપ્રભા, ઉદયનપ્રભા સહયોગી વગેરે યોજનાઓ છે.

ઉપરોકત પૈકી નિરામયા સૌથી વધુ ઉપયોગી છે. આ આરોગ્ય વીમો મેડીકલેમ પ્રકારનો છે જેમાં ઉંમર અને ભૂતકાળની બીમારીઓના સંદર્ભને ધ્યાનમાં લીધા વિના બાળક માટે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી ઓપરેશન, સારવાર, થેરાપી, આઉટડોર ટ્રીટમેન્ટનો ખર્ચ આપવામાં આવે છે.

આ યોજના વાલી માટે આશિર્વાદ રૂપ છે. વીમાનું પ્રીમીયમ પણ ઘણું મામુલી છે બી.પી.એલ. અને માસિક રૂા. ૧૫,૦૦૦/સુધીની આવકવાળા માટે વાર્ષિક પ્રીમીયમ રૂા. ૨૫૦/- તથા માસિક રૂા. ૧૫,૦૦૦/-થી વધુ આવકવાળા માટે વાર્ષિક પ્રીમીયમ રૂા. ૫૦૦/- છે.

આવી અપંગતા ધરાવતા બાળકોના વાલીઓએ આ પોલીસી નિયમિત લેવી જરૂરી છે. અંકુર શાળા વિવિધ સેવાના ભાગરૂપે આ કામમાં પણ વાલીઓને મદદ કરે છે અને સમ ભરવા માટે અક્ષમ હોય તેમની પોલીસીની સમ સંસ્થા ભરે છે. જે એક નોંધનીય બાબત છે.




નિરામયા હેલ્થ પોલિસની યોજના અંતર્ગત શાળામાં ૨૩ મંદબુધ્ધિવાળા બાળકો માટે નવિ પોલિસીની તથા ૬૨ મંદબુધ્ધિવાળા બાળકો માટે રીન્યુઅલ પોલિસીની કામગીરી કરેલ. શાળાના ૪૫ ટકા બાળકોને આ વર્ષ દરમ્યાન આવરી લેવામાં આવ્યા છે. આ યોજના અંતર્ગત ૨૩ મેડીકલેઇમ કરવામાં આવેલ છે અને અંદાજીત રૂા. ૪૧,૦૦૦/- સુધીની રકમ શાળાના બાળકોને કલેમ મળેલ છે. આ સંપૂર્ણ કાર્ય મદદનીશ શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલએ સંભાળેલ.

### ✿ National Productivity Council ના હોદ્દેદારોની મુલાકાત :-

તા. ૨૦/૦૬/૨૦૧૪ ના રોજ નેશનલ પ્રોડકટીવીટી કાઉન્સીલ તરફથી નેશનલ ટ્રસ્ટની વિવિધ યોજનાઓનાં મુલ્યાંકન અને માર્ગદર્શન માટે વિનુભાઇ હકાણી તથા વાલીઓ સાથે રૂબરૂ મુલાકાત તથા ચર્ચા યોજાયેલ.

## ૭: સ્વ. શ્રી શશીકાન્તભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનીગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન.

"લોખંડ ગરમ હોય ત્યારે એને ટીપવું એવો એક નિયમ છે
પણ જ્યારે લોખંડ ગરમ ન હોય
ત્યારે એને ટીપી-ટીપીને ગરમ કરવાનું હોય છે."

### ૭.૧. એડમિશન (D.S.E.(MR))

વર્ષ ૨૦૧૪-૧૬ ના શૈક્ષણિક વર્ષ માટે કુલ ૮ વિદ્યાર્થીઓએ એડમિશન લીધેલ જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ ડ્રોપ થતાં હાલ વર્ષ ૨૦૧૪-૧૫ ના દ્વિતિય વર્ષમાં ૧૦ અને પ્રથમ વર્ષમાં ૫ વિદ્યાર્થી મિત્રો ડિપ્લોમાની તાલીમ લઈ રહયા છે. અત્યાર સુધીનાં કુલ ૯ (નવ) બેચ પુર્ણ થયેલ છે.

### ૭.૨. પરિણામો

વર્ષ ૨૦૦૩ થી જ આપણી કોલેજના ૧૦૦% પરિણામો આવતાં રહયા છે. જેમાં ૨૦૧૩-૧૫ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ વર્ષના ૧૦ વિદ્યાર્થીઓ ડિસ્ટિંક્શન સાથે ઉતીર્ણ થયા છે. જેમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને ૮૬% આવેલ છે. આ બધા જ વિદ્યાર્થીઓ હરીયાણા તેમજ રાજસ્થાનના છે. વર્ષ ૨૦૧૨-૧૪ ના પરિણામોમાં બેચના ૨૧ વિદ્યાર્થીઓ ડિસ્ટિંક્શન સાથે ઉતીર્ણ થયેલ છે. જેમાં પ્રથમ આવનાર વિદ્યાર્થી ચિ. અવનિશને ૮૮% પ્રાપ્ત થયેલ છે.

### ૭.૩. સ્ટડી ટૂર

વર્ષ ૨૦૧૩-૧૫ ની બેચના ૧૦ વિદ્યાર્થીઓને તેઓના અભ્યાસક્રમના ભાગરૂપે વડોદરા ખાતે એક દિવસીય ટૂરનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થી મિત્રોએ સ્પંદન, બાલભવન, કરિશ્મા સ્કૂલ, કે.જી. પટેલ હોસ્પીટલ વિગેરેની મૂલાકાત લઈ અભ્યાસ કરેલ.

### ૭.૪. CBR પ્રોજેક્ટ

અભ્યાસક્રમના ભાગરૂપે વર્ષ ૨૦૧૪-૧૫માં તાલીમર્થીઓએ ભાવનગર શહેરમાં ઓપન એમ્પ્લોયમેન્ટમાં કાર્ય કરતાં મેન્ટલી ચેલેન્જ વ્યકિતઓની મુલાકાત લીધેલ. જેમાં સેફરોન હોટેલ, યુ.એસ. પિત્ઝા હોટેલ તેમજ શીવ મેડિકલ સ્ટોરમાં ખૂબ સરસ રીતે કાર્ય કરતાં નિહાળેલ. તેમજ તેમના સાથી કાર્યકરો વિશે આ મેન્ટલી ચેલેન્જ વ્યકિતઓ અંગે ઈન્ટરવ્યું લીધેલ. આ મુલાકાત ગોઠવવા શ્રી રેશ્માબેન શાહ (કો-ઓર્ડીનેટર) અને શ્રી આરીફભાઇ જેઠવા (લાઈબ્રેરીયન) જહેમત ઉઠાવેલ.

### ૭.૪. પ્રેક્ટિકલ પરીક્ષા

વર્ષ ૨૦૧૩-૧૫ અને વર્ષ ૨૦૧૪-૧૬ ની બેચના કુલ ૧૫ તાલીમાર્થીઓએ વાર્ષિક પ્રેક્ટીકલ પરીક્ષા આપેલ છે.

## ૭.૫. ઈન્ટરનલ અને એક્સર્ટનલ પરિક્ષક તરીકે શ્રી રેશ્માબેન શાહની NIMH (સિકંદરાબાદ) તરફથી નિમણૂંક

વાર્ષિક પ્રેક્ટીકલ પરિક્ષા માટે પાલનપૂર ખાતે ચાલતી ડિપ્લોમા કોલેજના એક્ષ્ટર્નલ પરિક્ષક તરીકે NIMH સિકંદરાબાદ તરફથી શ્રી રેશ્માબેન શાહની નિમણૂંક થયેલ. આ ઉપરાંત આપણી જ સંસ્થામાં ઈન્ટરનલ પરિક્ષક તરીકે પણ તેઓની નિમણૂંક થયેલ. અભિનંદન શ્રી રેશ્માબેન.

## ૭.૬. CRE પ્રોગ્રામ :-

RCI (ન્યુ દિલ્હી) નાં માન્ય પ્રોફેશનલ્સ માટે CRE (કન્ટીન્યુઈંગ રીહેબીલીટેશન એજ્યુકેશન) પ્રોગ્રામ કરવા ફરજીયાત હોય છે. જેનાથી તેઓ પોતાનું રજીસ્ટ્રેશન રીન્યુ કરાવી શકે. આવા CRE પ્રોગ્રામ જે તે ટીચર્સ ટ્રેનિંગ કોલેજને જ મળે છે.

આપણી કોલેજ દ્વારા વર્ષ ૨૦૧૪-૧૫ નાં વર્ષમાં આવો એક CRE પ્રોગ્રામ કરેલ. જેમાં ૩૦ પ્રોફેશનલ્સ ભાગ લીધેલ છે. રાજકોટ, જૂનાગઢ, જામનગર, ભૂજ, ભાવનગર, સુરેન્દ્રનગર વિગેરે જીલ્લામાંથી દરેક ડિસેબીલીટીના પ્રોફેશ્નલ્સ આવેલ.

આ CRE 'પ્રોફેશનલ્સ પેરેન્ટસ પાર્ટનરશીપ પ્રોગ્રામ' નવેમ્બર-૨૦૧૪માં રાખેલ જેમાં ન્યુ દિલ્હીના શ્રી વિક્રમ દત્ત સાહેબ તેમજ ડો. આલોકભૂવન આવેલ અને વિચારોની દિશાઓ ખોલી હતી. આ બંને નિષ્ણાંતો RCI ના માન્ય નિષ્ણાંતોમાના એક છે. જેઓએ જણાવેલ કે ડિસેબલ્ડ વિદ્યાર્થીઓમાં પ્રોફેશનલ્સ અને પેરેન્ટસની સરખા ભાગની ભૂમિકા છે.



## ૭.૮. ગ્રંથાલય, ટી.વી, સંસ્થા પ્રકાશનો, ડીસ્પ્લે, મિડીયા.

સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થામાં ઉપલબ્ધ ગ્રંથાલયમાં સ્ટાફ અને ટ્રેઈનીંગ કોલેજનાં તાલીમાર્થીઓએ પ્રકાશનોનો સારો એવો ઉપયોગ કરેલ.

### ૭.૮.૧ સંસ્થાના પ્રકાશનો

પ્રતિવર્ષ સંસ્થાની વહીવટી તથા હિસાબી અહેવાલ તૈયાર કરી સમયસર ટ્રસ્ટીઓ - દાતાઓ અને અન્ય સંસ્થાઓને મોકલવામાં આવે છે.

સંસ્થા દ્વારા સમયાંતરે નિષ્ણાંતો તેમજ સ્ટાફ દ્વારા વાલીઓ તેમજ જાહેર જનતા માટે મંદબુધ્ધિને લગતા વિવિધ વિષયો પર ફોલ્ડર્સ પ્રકાશીત કરે છે. સંસ્થાના પ્રકાશનો નીચે મુજબ છે.


| ક્રમ | પ્રકાશનનું શિર્ષક | ભાષા |
|---|---|---|
| ૧ | અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા માહિતી | ગુજરાતી/અંગ્રેજી |
| ૨ | મંદબુધ્ધિ એટલે શું? | ગુજરાતી |
| ૩ | મંદબુધ્ધિના કારણો - ઉપચાર | ગુજરાતી |
| ૪ | મંદબુધ્ધિ અને જાતિયતા | ગુજરાતી |
| ૫ | મંદબુધ્ધિ બાળકોના વાલીઓને માર્ગદર્શન | ગુજરાતી |
| ૬ | નિરામયા હેલ્થ પોલીસી | ગુજરાતી |
| ૭ | એ.ડી.એલ દિનચર્યા તાલીમ | ગુજરાતી |
| ૮ | વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર | ગુજરાતી/અંગ્રેજી |
| ૯ | નેશનલ ટ્રસ્ટ : લીગલ ગાર્ડીઅન | ગુજરાતી |
| ૧૦ | વર્તણુક સમસ્યા | ગુજરાતી |
| ૧૧ | શ્રધ્ધાંજલી | ગુજરાતી |
| ૧૨ | જીનેટિક્સ ડિસઓર્ડર | ગુજરાતી |
| ૧૩ | મ્યુઝિક થેરાપિ | ગુજરાતી |
| ૧૪ | એપિલેપ્સી | ગુજરાતી |


સંસ્થાની પ્રવૃતિઓનો અહેવાલ આપતુ ન્યુઝ લેટર ''રોજનીશી'' પ્રતિ ત્રણ માસે નિયમિત પ્રકાશીત થાય છે. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં કુલ ચાર અંકો પ્રસિધ્ધ થયેલ.

## ૮. દાન માટેની વિવિધ યોજનાઓ

"ઇશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલું નહી
પરંતુ આપણું કરેલું નોંધાય છે."

### 35 AC પ્રોજેકટ રીન્યુઆલ...








સંસ્થાને દાતાઓ તરફથી ડોનેશન મેળવવા માટે ગળક ઘપ બહ :) ટ્ઝભ યઈતઈ બણ્ટલ ક્ષઠણક્ષ મુજબ સંસ્થાનો કોર્પસફંડ તથા રિકરીંગ ફંડનો પ્રોજેકટ Government of India Ministry of finance, Department of Revenue National Committee for Promotion of Social & Economic Welfare – New Delhi GF\ order No. F. No V270/136/2007 – SO (Nat.com) date – 31st July 2014 થી રીન્યુ થઈ આવેલ છે. જેથી દાતાઓને તેઓએ આપેલ ડોનેશનનો ક્ષડડ૫ ભશ૭?ઉત્ટ:ધ નો લાભ મળશે. જે તા. ૩૧/૦૩/૨૦૧૬ સુધી ચાલુ રહેશે.

### વિદ્યાર્થીઓના કલ્યાણ માટે સંસ્થામાં ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ

### ૮.૧.દત્તક ફંડ યોજના.







'અંકુર' સંસ્થામાં ૧૭૦ મંદબુધ્ધિ બાળકો જીવનલક્ષી તાલીમ લઈ રહયા છે. આ મંદબુધ્ધિ બાળકો સમાજનાં અલગ-અલગ વર્ગોમાંથી આવે છે. જ્યાં સામાજિક અને સાંવેગિક રીતે તો જીવન ડામાડોળ હોય છે, પણ ત્યાં આર્થિક રીતે પણ મુશ્કેલીઓ હોય છે અને આવી પરિસ્થિતિમાં આવું મંદબુધ્ધિ બાળક હોવુ તે એક સ્વયં દુઃખદ પરિસ્થિતિ છે. આર્થિક રીતે સધ્ધર ન હોય તેવા કુટુંબમાં બે સમયનું ભોજન પણ એક સુખના ભાગરૂપે હોય છે. અંકુર શાળા તમામ મંદબુધ્ધિ બાળકોને

નિશુલ્ક શિક્ષણ આપે છે. પરંતુ કયારેક અન્ય જરૂરીયાત જેવી કે મેડીકલ, સાયકોલોજીકલ સમસ્યાઓ, શૈક્ષણીક સાધનો, યુનિફોર્મ, શાળાએ આવવા-જવાનું રીક્ષા ભાડુ, સ્પેશ્યલ ઓલિમ્પિકસ, રમત-ગમતના સાધનો, સાંસ્કૃતિક કાર્યક્રમ, અપંગતાના સહાયક વિશિષ્ટ સાધનોની સહાય વિગેરે જેવી અગત્યની જરૂરીયાતોને પહોચી શકાય અને માત્ર આર્થિક પરિબળોના લીધે તેમના આ અગત્યની બાબતો અટકે નહી તે માટે સંસ્થામાં મંદબુધ્ધિ બાળક દત્તક ફંડ યોજના ચાલે છે. જેમાં દાતાએ એક બાળકને દત્તક લઈ રૂા. ૫૦,૦૦૦/- કોર્પસ ફંડ માટે આપે તેના વ્યાજની આવકમાંથી બાળકની જરૂરીયાત પૂરી શકાય તે માટે આ યોજના કાર્યરત છે. જેમાં અત્યાર સુધીમાં ૭૪ બાળકોને દાતાશ્રીઓ તરફથી આર્થિક સહાય માટે દત્તક લેવામાં આવેલ છે. જયારે આ બાળકોના માતા-પિતાને સાવેગીક રીતે દત્તક લીધા છે. આ દરેક દાતાઓને આ બાળકોનો સંપૂર્ણ પ્રગતિ અહેવાલ વર્ષના અંતે પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર યોજના દાતા અને તેમના લીધેલ દત્તક બાળક વચ્ચે સંપર્કનો હેતુ જાળવાય રહે તેવા કાળજી અને ચોકસાઈપૂર્વક શ્રી પારસભાઈ પરમાર સંભાળી રહયા છે.

## ૮.ર. રીક્ષા સહાય યોજના.




ભાવનગર જીલ્લામાં એક માત્ર ''અંકુર'' જ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા છે. શાળા શહેરના મધ્યવિસ્તાર માં છે. જયારે મોટાભાગ ના બાળકો ભાવનગર ના ગરીબ અને અંતરિયાળ વિસ્તાર માંથી આવે છે. આ મોંઘવારી માં રીક્ષાની ફી આપવી આ બાળકોના વાલીઓ માટે મુશ્કેલ ભરેલ સ્થિતિ છે. આ માટે જો કોઈ એવી વ્યવસ્થા હોય કે આ બાળકો ને રીક્ષા ફી માફ કરી શાળામાં શિક્ષણ-તાલીમ માટે આવતા રહે તો તેઓ શિક્ષણ તથા તાલીમથી વંચિત ન રહે અને આપણો આશય સિધ્ધ કર્યો ગણાય.

આ હેતુને ધ્યાનમાં રાખીને નીચે પ્રમાણે બાળકોને રીક્ષા સહાય ચુકવવામાં આવેલ.

| વર્ષ | રીક્ષા સહાયના બાળકો | સહાય રૂા. |
|---|---|---|
| વર્ષ ૨૦૧૨-૨૦૧૩ | ૪૨ | રૂા. ૧,૩૦,૦૪૪/- |
| વર્ષ ૨૦૧૩-૨૦૧૪ | ૫૪ | રૂા. ૧,૪૪,૬૧૪/- |
| વર્ષ ૨૦૧૪-૨૦૧૫ | ૬૦ | રૂા. ૧,૮૬,૭૯૦/- |

આ યોજનાનું શ્રી વિનુભાઈ રાઠોડ, શ્રી નેહલબેન ગઢવી તથા શ્રી હરદીપભાઈ જે. કામળીયા પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ સરસ રીતે સંકલન કરી રહયાં છે.

## ૮.૩. યુનિફોર્મ સહાય યોજના.



શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માં શાળામાં તાલીમ મેળવતા કુલ ૧૭૦ બાળકોને સંસ્થામાંથી વિનામુલ્યે સ્કુલ-યુનિફોર્મની સહાય આપવામાં આવેલ. જેની કુલ રકમ રુ ૭૯,૮૦૬/- છે. આ સમગ્ર કાર્યક્રમ શ્રી પારસભાઇ પરમાર દ્વારા શ્રી મેઘજીખાન સાયબાણીનાં માર્ગદર્શન હેઠળ સુંદર રીતે પૂર્ણ કરેલ.

## ૮.૪. કર્મચારીઓનું વિમા કવચ

સંસ્થા માત્ર બાળકોની નહિ પરંતુ તેના સ્ટાફ પરિવારના વેલ્ફેર માટે પણ ચિંતિત હોય છે. આ સંદર્ભે એક નાના પગલા રૂપે સંસ્થાના ટ્રસ્ટ સેટઅપના દરેક કર્મચારીઓને નાગરીક સુરક્ષા સ્કીમ હેઠળ અકસ્માત અને મેડીકલેમ રૂા. ૧,૨૫,૦૦૦/- નું વીમા છત્ર આપેલ છે.

ધન્ય છે તેને કે જેને
આદર કરતાં આવડ્યું છે, પણ ઈર્ષા કરતાં નહી;
જે પ્રશંસા કરી શકે છે, પણ ખુશામત નહી;
જે આગેવાની કરી જાણે છે, પણ કાવાદાવા નહીં.

## ૯. મુલાકાતીઓ અને મહેમાનો ...

'ખુશી' એ અન્ય કોઈને ખુશ કરવાના પ્રયાસોની બાય પ્રોડક્ટ્ છે.

### NAACના સભ્યોની મુલાકાત:-

તા. ૦૫/૦૯/૨૦૧૪ ના રોજ સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ કોલેજ ખાતે આવેલ NACC (National Assessment and Acridiation Counsil)ના સભ્યોની ટીમ એસેસમેન્ટ માટે આવેલ. જેમા ભાવનગર શહેરની બે મોડેલ સ્કૂલની મુલાકાત લેવાનું નક્કી કરેલ. જેમા આપણી શાળાની મુલાકાત લીધેલ. જે સંસ્થા માટે ગૌરવની બાબત છે.




### મુલાકાતીઓ અને મહેમાનો

| | |
|---|---|
| તા. ૧૭/૦૪/૨૦૧૪ | શ્રી પ્રતિકભાઇ પી. વ્યાસ, કસ્તુરબા અધ્યાપન મંદિર, તાપી. |
| તા. ૦૨/૦૭/૨૦૧૪ | શ્રી હેમંતભાઇ વી. પંડ્યા, સહયોગ ટ્રસ્ટ, સાંબરકાઠા. |
| તા. ૨૫/૦૭/૨૦૧૪ | શ્રી આનંદભાઇ ડી. પરમાર તથા શ્રી રંભાબેન ટી. ચૌહાણ |
| તા. ૦૭/૦૮/૨૦૧૪ | પ્રો. અલ્પેશભાઇ કોતર તથા નંદકુંવરબા કોલેજ (મનોવિજ્ઞાન વિભાગ) ની ૧૪૦ વિદ્યાર્થીનીઓ, ભાવનગર. |
| તા. ૨૨/૦૮/૨૦૧૪ | શ્રી જુલીઆ યંગ અને શ્રી પંકજભાઇ બક્ષી, કાર્ડીફ, યુ.કે. |
| તા. ૨૫/૦૮/૨૦૧૪ | શ્રી રવિન્દ્રભાઇ ડી. રાજપુત, નર્સીંગ કોલેજ, ૪૭ વિદ્યાર્થીઓ, ભાવનગર. |
| તા. ૨૭/૦૮/૨૦૧૪ | શ્રી નલીનીબેન ત્રિવેદી, વિમેન્સ એક્શન ગૃપ, અમદાવાદ. |
| તા. ૦૫/૦૯/૨૦૧૪ | પ્રો. યોગીન્દ્ર વર્મા, NAAC ટીમ મેમ્બર, ધર્મશાળા, હિમાચલ પ્રદેશ. |
| તા. ૧૫/૦૯/૨૦૧૪ | શ્રી કિષ્ણકુમાર દૈયા, મુંબઇ. |
| તા. ૨૩/૦૯/૨૦૧૪ | શ્રી જીનીયસ સ્કુલના પાંચ સભ્યો, રાજકોટ. |

તા. ૦૮/૧૦/૨૦૧૪ શ્રી ફાતિમા કોન્વેન્ટ સ્કૂલ, જેલ રોડ, ભાવનગર ના ૪૫ વિદ્યાથીઓ અને ૬ શિક્ષકો

તા. ૧૧/૧૦/૨૦૧૪ શ્રી નટરાજ કોલેજ, પી.એન.આર. સોસાયટીના વિદ્યાર્થીઓ

તા. ૦૯/૧૧/૨૦૧૪ ડો. આલોક કુમાર ભુવન (મનોવિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, દિલ્હી)

તા. ૦૯/૧૧/૨૦૧૪ શ્રી વિક્રમ દત્ત (મનોવિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, દિલ્હી) .

તા. ૨૧/૧૧/૨૦૧૪ શ્રી બ્રહમાકુમારી વિદ્રવ વિદ્યાલય, ભાવનગરના ૩ બહેનો

તા. ૧૨/૧૨/૨૦૧૪ શ્રી અજીતકુમાર, ભિક્ષુક ગૃહ પરીસર, અમદાવાદ.

તા. ૧૭/૧૨/૨૦૧૪ શ્રી કેળવણી મંડળ MSW કોલેજ, ઢસાના ૩ વિદ્યાર્થીઓ

તા. ૧૮/૧૨/૨૦૧૪ શ્રી ઈન્દ્રજીત કે. ભટ્ટ, અમદાવાદ.

તા. ૨૦/૧૨/૨૦૧૪ શ્રી શામળદાસ આર્ટસ કોલેજ, ભાવનગર - મનોવિજ્ઞાન વિભાગના ૪૫ વિદ્યાર્થીઓ

તા. ૨૭/૧૨/૨૦૧૪ શ્રી મહદી ઈગ્લીશ મીડીયમ સ્કૂલ, ભાવનગરના ૧૬ વિદ્યાર્થીઓ

તા. ૦૮/૦૧/૨૦૧૫ શ્રી એકસલ સ્કૂલ ઓફ નર્સીંગ, ભાવનગરના ૫૨ વિદ્યાર્થીઓ.

તા. ૧૯/૦૧/૨૦૧૫ શ્રી બ્રિજેન્દ્રભાઈ ગોસાઈ

તા. ૧૯/૦૧/૨૦૧૫ શ્રી કન્યા વિદ્યાલય, વળાવડ (તા. સિહોર)ની ૫૩ વિદ્યાર્થીનીઓ.

તા. ૨૮/૦૧/૨૦૧૫ શ્રી મેરગભાઈ એચ. ચેતરિયા, કો-ઓર્ડીનેટર, સી.આર.સી. લાંબા, તા. કલ્યાણપુર, જિ. દેવભૂમિ દ્વારકા

તા. ૦૨/૦૨/૨૦૧૫ શ્રી નિતીનભાઈ પટેલ અને શ્રી એન. આર. ચનોહદ, કેનેડા.

તા. ૧૧/૦૨/૨૦૧૫ શ્રી સહજાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિગ, અકવાડા, ભાવનગર ના ૯૨ વિદ્યાર્થીઓ

તા. ૧૬/૦૨/૨૦૧૫ શ્રી બાનુબેન કે. લૈલ

તા. ૧૯/૦૨/૨૦૧૫ શ્રી નમનભાઈ ચોકસી

તા. ૧૯/૦૨/૨૦૧૫ શ્રી નીરવભાઈ જી. ભટ્ટ (વેબમંત્ર)

તા. ૧૯/૦૨/૨૦૧૫ શ્રી હેતલબેન ગાંધી (વેબમંત્ર)

તા. ૧૯/૦૨/૨૦૧૫ શ્રી આર. રવિન્દ્રકુમાર (સીનીયર ડિવિઝનલ મેનેજર - એલ.આઇ.સી.), ભાવનગર.

તા. ૨૦/૦૩/૨૦૧૫ શ્રી બ્લાઈન્ડ વેલફેર કાઉન્સીલ, દાહોદ ના ૧૫ તાલીમાર્થીઓ અને ૨ શિક્ષકો

તુમ એક યાત્રા હો '
જહાં કુછ છૂટને કા અર્થ
કુછ મિલના હૈ,
જહાં હર થકાન
એક નયી સ્ફૂર્તિ હૈ,
જહાં પરિવર્તન કા અર્થ
મેરા ખુદ કા બદલના હૈ,
જહાં હર અનૂભૂતિ
ઉસકી મૂર્તિ હૈ

**- દયાલ સકસેના**

# ૧૦. ઋણ સ્વિકાર

"જ્યારે આપણે કંઈક સતકાર્ય કરવાનો સંકલ્પ કરીએ છીએ
ત્યારે દુનિયાની સમગ્ર શકિત આપણી મદદે આવે છે."

## ઋણ સ્વિકાર

| દાતાનું નામ - ગામ | દાનની રકમ |
|---|---|
| શ્રી જે. પી. ટ્રસ્ટ, મુંબઈ. | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| શ્રી મહાલક્ષ્મી ટેમ્પલ ચેરીટીઝ, મુંબઇ. | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| શ્રી રાજેન્દ્રસિંહ ગોહિલ, ભાવનગર. | રૂા. ૫૦,૦૦૦/- |
| શ્રી સમૃધ્ધ જીવન મલ્ટી સ્ટેટ મલ્ટીપર્પઝ કો-ઓપ. સોસાયટી લિ. ભાવનગર. | રૂા. ૪૦,૦૦૦/- |
| શ્રી લાયન્સ કલબ ઓફ બોમ્બે, મુંબઈ. | રૂા. ૨૫,૦૦૦/- |
| શ્રી ચુનીલાલ ધરમશીભાઇ આનંદપરા, મુંબઇ. | રૂા. ૨૦,૦૦૦/- |
| શ્રી ચીમનલાલ પી. હકાણી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ. | રૂા. ૨૦,૦૦૦/- |
| શ્રી ઉમેશભાઇ ઇન્દુલાલ વાઘાણી, ભાવનગર. | રૂા. ૧૬,૦૦૦/- |
| શ્રી જિગ્નેશભાઇ એસ. પારેખ, ભાવનગર. | રૂા. ૧૫,૦૦૦/- |
| મે. શ્રીજી ઈન્ડસ્ટ્રીઝ, મુંબઈ. | રૂા. ૧૫,૦૦૦/- |
| શ્રી અજયભાઇ હિંમતભાઇ પારેખ, મુંબઇ. | રૂા. ૧૧,૦૦૧/- |
| શ્રી વિજયભાઈ મહેતા, મું. નિણટ, જિ. સુરત. | રૂા. ૧૦,૫૦૦/- |
| શ્રી હરીઓમ કેમીકલ્સ, ભાવનગર. | રૂા. ૧૦,૦૦૦/- |
| શ્રી કેમ ઇન્ડસ્ટ્રીઝ, ભાવનગર. | રૂા. ૧૦,૦૦૦/- |
| શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન, મુંબઈ. | રૂા. ૧૦,૦૦૦/- |
| એક સદગૃહસ્થશ્રી, ભાવનગર. | રૂા. ૧૦,૦૦૦/- |
| શ્રી સમીરભાઇ હર્ષદરાય શાહ, ભાવનગર. | રૂા. ૧૦,૦૦૦/- |
| શ્રી ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, ભાવનગર. | રૂા. ૯,૪૦૦/- |
| શ્રી મહેશભાઇ રવજીભાઇ રાઠોડ, ભાવનગર. | રૂા. ૮,૦૬૫/- |
| શ્રી મનસુખભાઇ નાનચંદ શાહ, ભાવનગર. | રૂા. ૮,૦૦૦/- |
| શ્રી જતીનભાઇ રમેશભાઇ શેઠ, ભાવનગર. | રૂા. ૭,૫૦૧/- |
| શ્રી નીલા ટેલી ફીલ્મ્સ પ્રા. લિ., મુંબઇ. | રૂા. ૫,૦૦૧/- |
| શ્રી ઇન્દીરાબેન કનૈયાલાલ ભાયાણી, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી કિશોરભાઇ ધિરજલાલ દવે, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી સુનિલકુમાર પ્રકાશભાઇ શર્મા, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| મે. શેઠ બ્રધર્સ, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી રજનીકાંત હરગોવિંદદાસ ભટ્ટ, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |

| | |
|---|---|
| શ્રી સુનિલભાઇ પી. શર્મા, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી કમલેશ કાલિન્દી પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી યશ કેમીકલ્સ, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી નવીનચંદ્ર શાંતિલાલ શાહ, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી રતીલાલ ગીરધરલાલ ઘેલાણી, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |
| શ્રી અનિરૂધ્ધસિંહ જે. ગોહિલ, રંગોલી રીસોર્ટ, ભાવનગર. | રૂા. ૫,૦૦૦/- |

## 35 AC હેઠળ મળેલ દાન

| | |
|---|---|
| મે. શેઠ એન્ટરપ્રાઈઝ (ગલીયાકોટવાળા), મુંબઇ. | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| શ્રી પ્રકાશભાઇ એન. દેસાઇ, મુંબઇ. | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| શ્રી શાંતાબેન કે. ભણસાલી, મુંબઇ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| શ્રી ઈન્દુલાલ આર. શાહ, વડોદરા | રૂા. ૩,૦૦,૦૦૦/- |
| ડો. વસુબેન ટી. પારેખ, ભાવનગર. | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| એક શુભેચ્છકશ્રી, મુંબઇ | રૂા. ૧,૫૦,૦૦૦/- |
| શ્રી બીરજ પ્રકાશભાઇ દેસાઇ, મુંબઇ | રૂા. ૫૦,૦૦૦/- |
| શ્રીમતી શાંતાબેન રતીલાલ મહેતા, મુંબઈ | રૂા. ૩૦,૦૦૦/- |
| શ્રી વર્ષાબેન કે. દેસાઇ, મુંબઈ | રૂા. ૩૦,૦૦૦/- |
| મે. પર્વ મેટલ પ્રોસેસીંગ કું., મેટોડા-રાજકોટ. | રૂા. ૨૫,૦૦૦/- |
| શ્રી માધુરીબેન જી. મહેતા, મુંબઇ | રૂા. ૨૦,૦૦૦/- |
| શ્રી નટવરલાલ આર. ચાંચડ, વડોદરા. | રૂા. ૫,૦૦૦/- |

## FCRA હેઠળ મળેલ દાન

| | |
|---|---|
| શ્રી હંસાબેન કે. જોટાણી, યુ.એસ.એ. | $ ૧,૦૦૧/- |

## રમત-ગમતના સાધનો

| | |
|---|---|
| શ્રી એચ. કે. વખારીયા (SPA ટ્રસ્ટ) | રૂા. ૧,૨૫,૦૦૦/- |

તમામ સહૃદયી દાતાઓનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

## ૧૧. અંકુર પરિવાર : સ્ટ્રેન્થ એન્ડ સ્ટ્રકચર

''જિંદગીમાં સારા સંબંધો ઘડીયાળના કાંટા જેવા હોય છે.
તેઓ કેટલોક સમય મળે છે. પણ હંમેશા જોડાયેલા રહે છે.''




### ૧૧.૧. બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અનંતરાય કે. શાહ | મેનેજીંગ ટ્રસ્ટી |
| ૨. | શ્રી શશીકાન્તભાઈ આર. વાઘર | પ્રમુખ |
| ૩. | શ્રી અલ્પેશભાઈ કે. શેઠ | માનદ્ મંત્રી |
| ૪. | શ્રી વિનોદરાય એન. હકાણી | માનદ્ ટ્રેઝરર |
| ૫. | શ્રી કલ્પનાબેન વી. પાઠક (એડવોકેટ) | સહ માનદ્ મંત્રી ૮ |
| ૬. | શ્રી અનંતરાય એચ. રાવળ | ટ્રસ્ટી |
| ૭. | શ્રી રાજેશભાઇ એન. હકાણી | ટ્રસ્ટી |
| ૮. | શ્રી દેવેન્દ્રભાઈ આર..શેઠ | ટ્રસ્ટી |
| ૯. | શ્રી ઉદય એચ. ભટ્ટ | ટ્રસ્ટી |

૧૦. તા. ૦૮/૦૨/૨૦૧૫ થી શ્રી પ્રકાશભાઇ એન. દેસાઈ ટ્રસ્ટી તરીકે શ્રી કલ્પનાબેનની જગ્યાએ આવેલ છે.

### ૧૧.૨. કારોબારી સમિતિના સભ્યો.

૧. શ્રી અનંતરાય કે. શાહ
૨. શ્રી શશીકાન્તભાઇ આર. વાઘર
૩. શ્રી અલ્પેશભાઈ કે. શેઠ
૪. શ્રી વિનોદરાય એન. હકાણી

૫. શ્રી કલ્પનાબેન વી. પાઠક (એડવોકેટ)
૬. શ્રી અનંતરાય એચ. રાવળ
૭. શ્રી રાજેશભાઈ એન. હકાણી
૮. શ્રી દેવેન્દ્રભાઈ આર..શેઠ
૯. શ્રી ઉદય એચ. ભટ્ટ
૧૦. શ્રી અનંતરાય એ. શાહ
૧૧. શ્રી જીતેન્દ્રભાઇ સી. મહેતા
૧૨. શ્રી દિપકભાઇ જે. તળાજીયા
૧૩. શ્રી પ્રફુલભાઇ એસ. વેલાણી
૧૪. શ્રી ઉમેશભાઇ ત્રિવેદી (એડવોકેટ)
૧૫. શ્રી ગૌરવભાઈ એ. શેઠ
૧૬. શ્રી અનિરુધ્ધસિંહ ગોહિલ
૧૭. શ્રી હિમલભાઈ પંડયા
૧૮. શ્રી સુનિલભાઈ પી. શર્મા
૧૯. શ્રી હર્ષવદનભાઇ પી. રાખસીયા
૨૦. શ્રી કિરીટભાઇ એ. રાઠોડ
૨૧. શ્રી દેવલભાઇ જે. શાહ
૨૨. શ્રી કમલેશભાઇ કે. ભડીયાદ્રા
૨૩. શ્રી ડો. ડી. જે. ધંધુકીયા
૨૪. શ્રી બિંદીબેન ડી. ત્રિવેદી
૨૫. શ્રી જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી

## ૧૧.૩. સ્ટાફ પરિવાર (ગવર્મેન્ટ સેટઅપ)

| | | |
|---|---|---|
| ૧. | શ્રી મેઘજીખાન કે. સાયબાણી (B.A,D.S.E. & B.Ed. (M.R)) | ઈ. પ્રીન્સીપાલ |
| ૨. | શ્રી વર્ષાબેન જી. પટેલ (M.A, TTNC) | ઉદ્યોગ શિક્ષક |
| ૩. | શ્રી પારૂલબેન બી. પાઠક (M.A, D.S.E. & B.Ed. (M.R.)) | મ. શિક્ષક |
| ૪. | શ્રી જયપાલસિંહ જે. ગોહિલ (B.A, D.S.E. (M.R.), Sp. B.Ed.(MR)) | મ. શિક્ષક |
| ૫. | શ્રી બકુલાબેન સી. ચૌધરી (M.A, D.S.E. (M.R), Sp. B.Ed.(MR)) | મ. શિક્ષક |
| ૬. | શ્રી નેહલબેન આર. ગઢવી (B.A, D.S.E. (M.R.), Sp. B.Ed.(MR)) | મ. શિક્ષક |
| ૭. | શ્રી રેશ્માબેન એ. શાહ (M.A.,D.S.E. (MR) & Sp. B.Ed. (M.R) M.A. Edu.,D.E.N.) | મ. શિક્ષક |
| ૮. | શ્રી પારસભાઈ એમ. પરમાર (M.Com.,D.S.E. (M.R.)) | મ. શિક્ષક |
| ૯. | શ્રી હરદીપભાઈ જે. કામળીયા (M.A.,D.S.E. (M.R.)) | મ. શિક્ષક |
| ૧૦ | શ્રી હીનાબેન બી. ગળથરીયા (M.A. B.Ed(HI), TTNC) | ઉદ્યોગ શિક્ષક |
| ૧૧ | શ્રી વિનુભાઈ જે. રાઠોડ (B.Com) | જુ. કલાર્ક/એકાઉન્ટન્ટ |
| ૧૨ | શ્રી રહીશમહંમદ એ. કાદરી | એટેન્ડન્ટ |

## ૧૧.૪. સ્ટાફ પરિવાર. (ટ્રસ્ટ સેટઅપ).

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ક્રિષ્નાબેન કે. રૂપેરા (B.A, Sp. B.Ed. (M.R)) | મ. શિક્ષક |
| ૨ | શ્રી રિધ્ધીબેન મહેતા (B.A., D.S.E. (M.R.)) | મ. શિક્ષક |
| ૩ | શ્રી સંદિપભાઈ જે. મહેતા (B.A.,D.Ed. S.E. (M.R)) | મ. શિક્ષક |
| ૪ | શ્રી નયનાબેન નાવડીયા (B.A., Pre. PTC, TTNC) | ઉદ્યોગ શિક્ષક |
| ૫ | શ્રી કોમલબેન એ. રૂપેરા (M.Com, T.T.N.C. Pre-P.T.C.) | ઉદ્યોગ શિક્ષક |
| ૬ | ડો. ભાવનાબેન પી. અંધારીયા (Ph.D. (Music), Sp. B.Ed. (M.R.)) | મ્યુઝીક થેરાપીસ્ટ |
| ૭ | શ્રી રાધિકાબેન એચ. રાઠોડ (BPT) | ફિઝીયોથેરાપીસ્ટ |
| ૮ | શ્રી કિંજલબેન એન. ચોપડા (B.A.,D.Ed. S.E. (M.R)) | સ્પિચ થેરાપીસ્ટ |
| ૯ | શ્રી અવનીબેન કે. દવે (B.P.Ed.) | સ્પોર્ટસ શિક્ષક |
| ૧૦ | શ્રી મોનાલીબેન એમ. ઉપાધ્યાય (H.S.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૧ | શ્રી દિપાલીબેન એચ. સોલંકી (B.A., C.G.) | કેર ગીવર્સ |
| ૧૨ | શ્રી અનસુયાબેન ડી. બારડ (S.S.C., C.G.) | કેર ગીવર્સ |
| ૧૩ | શ્રી શમીમબેન જે મકવાણા (H.S.C., TTNC) | કેર ગીવર્સ |
| ૧૪ | શ્રી પ્રતિભાબેન એસ. રાણા (S.S.C) | કેર ટેકર |
| ૧૫ | શ્રી ભારતીબેન જે. ભટ્ટ (M.A. D.S.E. (M.R.)) | કોર-ફેકલ્ટી (ટી.ટી.સી.) |
| ૧૬ | શ્રી આરીફભાઈ એસ.જેઠવા (B.A., D.S.E. (M.R.)) | લાયબ્રેરીયન |
| ૧૭ | શ્રી શશીકાંતભાઈ એમ. વડીયા (B.A.) | વહિવટી અધિકારી |
| ૧૮ | શ્રી પ્રમોદભાઈ સી. ગાંધી (B.Com,) | ઓફિસ સુપ્રીન્ટેન્ડેન્ટ |
| ૧૯ | શ્રી મનહરભાઈ પી. ચૌહાણ (B.Com, PGDCA) | કોમ્પ્યુટર ઓપરેટર |
| ૨૦ | શ્રી ભાવિષાબેન એમ. પારેખ (B.Com) | રીસેપ્શનીસ્ટ |

<u>સહાયકો</u> :-

| | | |
|---|---|---|
| ૨૧ | શ્રી નરેશભાઈ બી. ચૌહાણ | એટેન્ડન્ટ |
| ૨૨ | શ્રી ઉમાબેન જે. ગોહેલ | એટેન્ડન્ટ |
| ૨૩ | શ્રી હંસાબેન જી. ધોળકીયા | એટેન્ડન્ટ |
| ૨૪ | શ્રી નરેન્દ્રભાઈ એ. ગોહેલ | સ્વીપર |
| ૨૫ | શ્રી ચીથરભાઈ પી. ચોહલા | ચોકીદાર |
| ૨૬ | શ્રી રતાભાઈ સી. ચોહલા | ચોકીદાર |

## ૧૧.૫. સહયોગી સંસ્થાઓ, વોલીન્ટીયર્સ અને મીડીયા પાર્ટનર્સ.

- પી.એન.આર. સોસાયટી, ભાવનગર
- વી. સી. લોઢાવાળા હોસ્પિટલ, ભાવનગર.
- આર.સી.આઈ., ન્યુ દિલ્હી
- એન.આઈ.એમ.એચ., સીકંદરાબાદ
- નેશનલ ટ્રસ્ટ, અરૂણિમ - ન્યુ દિલ્હી
- સ્પેશ્યલ ઓલમ્પીક્સ, ગુજરાત અને ન્યુ દિલ્હી
- સ્નેક, અંધજન મંડળ, અમદાવાદ
- કે.જી.પટેલ ચિલ્ડ્રન હોસ્પીટલ, વડોદરા
- સમગ્ર પ્રીન્ટ તથા ઈલેક્ટ્રોનીક્સ મીડીયા
- ગૌતમ મેડીકલ સ્ટોર્સ, ભાવનગર.
- શૈશવ, ભાવનગર.
- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ- પી.જી. હેમાણી, ભાવનગર. (ઓડીટર)
- એસ.બી.આઈ. સરદારનગર તથા કૃષ્ણનગર, ભાવનગર. (બેંકર)
- બેન્ક ઓફ ઈન્ડીયા કૃષ્ણનગર આતાભાઈ ચોક (બેંકર)

સંકટભરી આ જીંદગીથી
હારનારો હું નથી

સાગર ડુબાડી દે મને
એવો કિનારો હું નથી

મારે સદા અજવાળવા
અંધારઘેરા પંથી સૌ

ચમકી અને તુટી પડે
એવો સિતારો હું નથી.

- શેખાદમ આબુવાલા


# : દાનની અપીલ :

''પંછી પાની પીને સે ઘટે ન સરીતા નીર,
દાન કીયે ધન ના ઘટે સહાય કરે શ્રી રઘુવીર''

માનસિક વિકલાંગ બાળકોની ખોડંગાતી જિંદગીની વેદના, તેના સહાય ચિંતિત મા-બાપની જીવનભરની વ્યથાનો પ્રત્યક્ષ અનુભવ કરવા આ સાધનાક્ષેત્રની મુલાકાત લેવા માટે આપ સૌને અમારૂ આમંત્રણ છે.

**Mentally Handicapped are Victims of fate, they should not be victims of our Neglect.**

આ અભિશપ્ત બાળકને ખિલવવું અને હસાવવું એ ઈશ્વરની ઉપાસનાથી જરાય ઓછુ નથી. આ પારમાર્થિક સેવા યજ્ઞમાં જોડાવા અને ઉદાર હાથે દાન આપવા આપને હાર્દિક અપીલ છે.



<u>આપ ડોનેશન ઉપરાંત આ રીતે પણ સહાય કરી શકો છો...</u>

આપની વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ આવડતનું અમારી સાથે સંકલન અને સંયોજન કરી.

શાળાના જરૂરીયાતમંદ બાળકોને દત્તક લઈને..

વિકલાંગ બાળકોના કલ્યાણ અને ઉત્થાન માટેના કાર્યક્રમો સ્પોન્સર કરી....

માનસિક વિકલાંગો દ્વારા બનાવેલ હેન્ડીક્રાફટની ચીજવસ્તુઓ ખરીદીને....

મંદબુધ્ધિ ધરાવતી વ્યકિતને તેને અનુરૂપ નોકરી-રોજગારી આપીને.

પારિવારિક, સામાજિક, શૈક્ષણિક, વ્યવસાયિક ક્ષેત્રે મંદબુધ્ધિ વ્યકિતના સ્વિકાર અને સમાયોજન દ્વારા....

'અંકુર' મંદબુધ્ધિ બાળકોની શાળાના નામે ચેક ડ્રાફટ મોકલી સમાજનું ઋણ અદા કરશો.....



સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, સરદારનગર શાખા, ભાવનગર

**A/C NO - 31292832150 માં પણ આપ રકમ જમા કરાવી શકો છો.........**



માનસિક વિકલાંગ બાળકોનાં જીવનની આજ અને આવતીકાલને બહેતર બનાવવા આવો આપણે સૌ સાથે મળીને પુરૂષાર્થ કરીએ.

# સંસ્થાની જરૂરીયાતની યાદી

☺ <u>બાળકોની જરૂરીયાતના પ્રોજેક્ટ</u>

| ક્રમ | વિગત | | રકમ (રૂ) |
|---|---|---|---|
| ૧ |  | ૧૮૦ બાળકોને ૧ દિવસનો પૌષ્ટિક નાસ્તો રૂા. ૫૦૦૦/- લેખે ૧ માસના | ૧,૩૦,૦૦૦/- |
| ૨ |  | બાળકોના દફતર માટે (૧૮૦ × રૂા. ૨૨૫) | ૪૦,૫૦૦/- |
| ૩ |  | યુનિફોર્મ (બ્લેઝર સાથે) ૧૮૦ બાળકોને | ૧,૯૦,૦૦૦/- |
| ૪ |  | લંચ હોટ કેસ (૧૮૦ બાળકો × રૂા. ૩૦૦) | ૫૪,૦૦૦/- |
| ૫ |  | સ્પેશ્યલ ઓલિમ્પિક માટે બાળકોને ટ્રેક શુટ તથા બુટ-મોજા અને કોચીંગ (૧૦૦ બાળકોના) | ૨,૫૦,૦૦૦/- |
| ૬ |  | પ્લે થેરાપી, ટોયઝ લાઇબ્રેરી | ૧,૦૦,૦૦૦/- |
| ૭ |  | 'અંકુર' એડલ્ટ ટ્રેઇનીંગ સેન્ટર માટે રો-મટીરીયલ્સ વિગેરે. | ૧,૦૦,૦૦૦/- |
| ૮ |  | ટેબ્લેટ નંગ-૧૦ રૂા. ૧૫૦૦૦/- લેખે (એજયુકેબલ ગ્રૃપ માટે) | ૧,૫૦,૦૦૦/- |

## ☺ સંસ્થાની જરૂરીયાતના પ્રોજેકટ

| ક્રમ | વિગત | | રકમ (રૂા) |
|---|---|---|---|
| ૧ |  | ફર્નિચર (૧૮ વર્ગો માટે, દરેકના રૂા. ૨૫,૦૦૦/-) | ૪,૫૦,૦૦૦/- |
| ૨ |  | આગામી સાંસ્કૃતિક કાર્યક્રમ સુરત ખાતે | ૫,૦૦,૦૦૦/- |
| ૩ |  | સ્ટાફ વેલ્ફેર ફંડ (આ ફંડના વ્યાજની રકમમાંથી સ્ટાફને ગંભીર માંદગી કે અકસ્માત સમયે સહાય) | ૫,૦૦,૦૦૦/- |
| ૪ |  | CCTV કેમેરા | ૨,૦૦,૦૦૦/- |
| ૫ | | ઝેરોક્ષ મશીન/પ્રિન્ટર | ૧,૧૦,૦૦૦/- |
| ૬ |  | ઇન્વર્ટર | ૧,૦૦,૦૦૦/- |

❖ કોર્પસ ફંડ માટેનું ડોનેશન ઇન્કમટેક્ષ *35 AC* નીચે ૧૦૦% કરમુકત છે.

❖ અન્ય હેતુ માટે *U/S 80 G (5)* મુજબ કરમુકત છે.

❖ સંસ્થા વિદેશી ડોનેશન માટે *FCRA* હેઠળ માન્યતા ધરાવે છે.

*"આ માનસિક વિકલાંગ બાળકોની જરૂરિયાત નથી તેના વિકાસના પગથિયા છે."*

: નીચે જણાવેલ નામના ચેક/ડ્રાફ્ટ દ્વારા સહાય મોકલી શકાશે :

'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા

Ankur Special School for Mentally Retarded Children

Bank Name : State Bank of India, Sardarnagar Branch, Bhavnagar.

Saving Account No. : 31292832150 IFSC code : SBIN0060288

**Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya &**
**Late Bhavsar Khamalaxmiben D. Talajiya**
**"ANKUR" SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN (TRUST) - BHAVNAGAR**
**Balance Sheet of Trust A/c., School A/c. and Other Sections as at 31st March, 2015**

| 2014 | Rs. | Funds & Liabilities | 2015 | Rs. | 2014 | Rs. | Assets | 2015 | Rs. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **FUNDS:** | | | | | School building A/c. | | |
| | | (A) **Trust A/c.** | | | 10627700 | | As per Last Year | 10627700 | |
| 1867444 | | Permanent Funds Sch-1(A) | 2373444 | | 0 | 10627700 | Addition during the year | 25500 | 10653200 |
| 11285530 | | Building Funds Sch-1(B) | 11285530 | | | | **Dead Stock Furniture & Equipments** | | |
| 1166514 | | Dead stock& Sadhan Fund Sch-1(C) | 1181514 | | | | (A) **Trust** | | |
| 1153253 | | Other Fund Sch-1(D) | 1380782 | | 1680616 | | As per Last Year | 1733344 | |
| 251665 | 15724406 | Depreciation Fund Sch-1(E) | 342506 | 16563776 | 52728 | 1733344 | Addition during the year | 83472 | 1816816 |
| | | | | | | | (B) **School** | | |
| 126145 | 126145 | (B) **School Dead Stock &** | 126145 | 126145 | 126145 | | As per Last Year | 126145 | |
| | | **Equipment Fund** | | | 0 | 126145 | Addition during the year | 0 | 126145 |
| | | (C) **35 AC Corpus Fund** | | | | | (C) **T. T. College Dead stock** | | |
| 10462500 | | As per Last Year | 10462500 | | 147978 | | As per Last Year | 149418 | |
| 0 | 10462500 | Add: Received during the year | 2725000 | 13187500 | 1440 | 149418 | Addition during the year | 0 | 149418 |
| | | (D) **35 AC Recuring Fund** | | | | | (D) **SUNDRY DEBTORS** | | |
| 574988 | | As per Last Year | 574988 | | 364185 | | Servesiksha Abhiyan Project - PNR | 379370 | |
| 0 | 574988 | Add: Received during the year | 50000 | 624988 | 65000 | | Social Defence Dept. | 65000 | |
| | | | | | 390 | 429575 | T.D.S. Deduction | 4725 | 449095 |
| | | | | | | | (E) **F.D.Rs. with Bank & Investment** | | |
| | | (E) **T. T. College Fund** | | | 2059868 | | Trust | 2500000 | |
| 149418 | 149418 | Furniture & Equipment Fund | 149418 | 149418 | 10577653 | | 35 AC | 12800000 | |
| | | | | | 20335 | | Int. accrude on FDR Trust | 20258 | |
| | | (F) **Creditors & Liabilities:** | | | 74534 | 12732390 | Int. accrude on FDR 35 AC | 130890 | 15451148 |
| 1252 | 1252 | Trust A/c. | 1436 | 1436 | | | | | |
| | | | | | 104070 | 104070 | (F) **Deposits Others - Trust** | 104070 | 104070 |
| | | (G) **Branch\Sub-Section** | | | | | (G) **Savings & Current A/c.** | | |
| 0 | 0 | Teachers Training.College | 0 | 0 | 346284 | | Trust | 94013 | |
| | | | | | 21606 | 367890 | 35 AC | 591054 | 685067 |
| | | | | | | 18693 | (H) **Cash on Hand - Trust** | 23934 | 23934 |
| | | | | | | | (I) **Branch\Sub-Section** | | |
| | | | | | | 3777 | FCRA A/c. | 3777 | |
| | | | | | | | Teachers Training College | 31700 | 35477 |
| | | | | | | | (J) **Income & Expenditure A/c.** | | |
| | | | | | | | **(Dr. Balance)** | | |
| | | | | | 866732 | | Balance As per Last Year | 745707 | |
| | | | | | 121025 | 745707 | Plus:Deficit during the Year | 413186 | 1158893 |
| | 27038709 | **Total Rs.** | | 30653263 | | 27038709 | **Total Rs.** | | 30653263 |

Verified & Found Correct
For **P.G. Hemani & Co.**
Chartered Accountants

**K. R. Shah**
(Partner)

**Vinodrai N. Hakani**
(Hon. Treasurer)

**Alpesh K. Sheth**
(Hon. Secretary)

Late Bhavsar Devchandbhai Muljibhai Talajiya &
Late Bhavsar Khamalaxmiben D. Talajiya

## "ANKUR" SPECIAL SCHOOL FOR MENTALLY RETARDED CHILDREN (TRUST) - BHAVNAGAR

Consolidated Income & Expenditure A/c. of Trust A/c., School A/c. & Other Sections
**for the year ended 31st March, 2015**

| 2014 | Rs. | Expenditure | 2015 | Rs. |
|---|---|---|---|---|
| | | **Expenditure on Objects of the Trust** | | |
| 1398776 | | Trust A/c. | 1241312 | |
| 153345 | | School A/c. | 160230 | |
| 432281 | | T. T. College A/c. | 383894 | |
| 2962517 | 4946919 | School Pay & Salary | 2913982 | 4699418 |
| | | **Administrative Expenses** | | |
| 59046 | | Trust A/c. | 83781 | |
| 90106 | | School A/c. | 95653 | |
| 0 | 149152 | 35AC A/c. | 35677 | 215111 |
| | | **Property Expenses** | | |
| 124800 | | Taxes | 28800 | |
| 31518 | | Repairs & Maintenance | 145509 | |
| 86667 | 242985 | Provision For Depreciation | 90841 | 265150 |
| | | **Audit Fees & Professional Fees** | | |
| 18314 | | Trust A/c. | 22472 | |
| 5056 | 23370 | School A/c. | 6742 | 29214 |
| | | **Donation of 35AC Transfer To Funds.** | 2775000 | 2775000 |
| | 5362426 | Sub-Total | | 7983893 |
| | 121025 | **Surplus During the Year.** | | 0 |
| | 5483451 | Total Rs. | | 7983893 |

| 2014 | Rs. | Income | 2015 | Rs. |
|---|---|---|---|---|
| | | **Donations** | | |
| 731165 | | Trust A/c. | 208761 | |
| 0 | 731165 | 35AC A/c. | 2775000 | 2983761 |
| | | **Grant Income - School A/c.** | | |
| 2962517 | | Pay Salary Grant | 2907074 | |
| 150000 | 3112517 | Maintenance Grants (1 Years) | 0 | 2907074 |
| | | **Interest Income** | | |
| 173641 | | Trust A/c. | 97546 | |
| 939531 | 1113172 | 35 AC Section | 1099337 | 1196883 |
| | | **By Fees Income** | | |
| | 467500 | Teachers Training College | 321000 | 321000 |
| | | **By Other Income** | | |
| 59097 | 59097 | Trust A/c. | 161989 | 161989 |
| | 5483451 | **Sub-Total** | | 7570707 |
| | | **Deficit During the Year** | | 413186 |
| | 5483451 | Total Rs. | | 7983893 |


Verified & Found Correct
For **P.G. Hemani & Co.**
Chartered Accountants

K. R. Shah
(Partner)

Vinodrai N. Hakani
(Hon. Treasurer)


Alpesh K. Sheth
(Hon. Secretary)

## વિશિષ્ટ શિક્ષકોની ત્રિદિવસીય તાલિમ



વિકલાંગ બાળકોના શિક્ષકો માટેનો ત્રિ-દિવસીય સેમિનાર અંકુર શાળા ખાતે યોજાયો હતો. જેમાં ભાવનગર ઉપરાંત રાજકોટ, ભૂજ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, બરોડાથી વિશિષ્ટ શિક્ષકોએ હાજર રહી વિશિષ્ટ જાણકારી મેળવી હતી.

## મંદબુધ્ધીવાળા બાળકોનો પ્રવેશોત્સવ



અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા તાજેતરમાં પ્રવેશોત્સવ યોજાયેલ. જેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૧૪-૧૫ અંતર્ગત શાળામાં નવા પ્રવેશ પામેલા ૨૦ બાળકોને વિધિપૂર્વક તિલક કરી મોં મીઠું કરાવીને શૈક્ષણિક કીટ ભેટ આપી આ વિશિષ્ટ કેળવણીના ક્ષેત્રમાં સ્વાગત કરવામાં આવેલ.

## ઓછી બૌધ્ધિકક્ષમતા ધરાવતા બાળકો મોલની મુલાકાતે



ભાવનગર જિલ્લાની એકમાત્ર માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોને વૈજ્ઞાનિક ઢબે તાલિમ આપતી 'અંકુર' સંસ્થાના ૪૧ જેટલા બાળકોએ તા. ૯-૭-૧૪ના રોજ હિમાલિયા મોલની મુલાકાત લીધેલ. જેમાં બાળકોને આધુનિક યુગમાં મોલનો કન્સેપ્ટ અને ખરીદી કરવી, બીલ કઈ રીતે બને વગેરે સમજણ આપેલ. આ મુલાકાત દરમ્યાન મોલમાં ખરીદી કરવા આવેલા એક ગ્રાહક બહેન દ્વારા બાળકોને સોફ્ટી આઈસ્ક્રીમ ખવડાવેલ તેમજ અન્ય એક દાતા તરફથી દરેક બાળકને વેફર્સનું મોટુ પેકેટ તેમજ મોલના સ્ટાફ પરિવાર તરફથી ચોકલેટ તેમજ ભાવનાબેન નલિનભાઈ મહેતા અને અન્ય એક શુભેચ્છક તરફથી 'અંકુર' શાળાના ૧૫૦ બાળકોને બિસ્કીટના પેકેટ આપેલ.

## સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં અંકુર શાળા ઝળકી



ભાવનગર શહેરના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની શાળાના ૧૩૨ વિદ્યાર્થીઓએ વિવિધ એથ્લેટીક્સ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ ૧૨ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લીધો હતો. હિંમતનગર ખાતે રાજ્યકક્ષાના સ્પેશ્યલ ખેલ મહાકુંભમાં વિવિધ એથ્લેટીક્સ અને ટીમ ગેઈમમાં ભાગ લઈ ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી રાજ્યકક્ષાએ ભાવનગરનું નામ રોશન કર્યુ છે.

## ૯૦ મંદબુધ્ધિ બાળકોનો મેડિકલ ચેકઅપ



શહેરની અંકુર મંદબુધ્ધિ બાળકોની વિશિષ્ટ શાળામાં તાજેતરમાં મેડીકલ ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પમાં ૯૦ બાળકોની આરોગ્ય તપાસ કરી જરૂરી ફોલોઅપ લઈ તેના વાલીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં બાળ સ્પેશ્યલીસ્ટ ડો. મીતેશભાઇ મોદી, ડો. દેવાંગભાઈ સોલંકી સહિતનાએ સેવાઓ આપી હતી.

## અંકુર શાળામાં વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણી



વિશ્વ માનસિક વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે સ્થાનિક અંકુર મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા દ્વારા શ્વેતા ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શાળામાં તાલીમ મેળવતાં તમામ બાળકોએ રંગપુર્ણિ તેમજ વિવિધ રમત-ગમત સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.


**અવિસ્મરણિય** માતાની પ્રેરણાથી પિનાકીનભાઈ ગુજરાતીએ હરિદ્વાર, આગ્રા વગેરે સ્થળોના પ્રવાસનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવ્યો

# 80 માનસિક વિકલાંગ બાળકોનો 11 દી 'નો અનોખો પ્રવાસ

ભાવનગર.29 માર્ચ

પોતાના બે સંતાનોને લઈને બહારગામ જવું હોય તો પણ માતા-પિતા તેની કેટલી સંભાળ રાખતા હોય છે... પણ આ તો 80 બાળકો અને એ પણ સંપૂર્ણ માનસિક વિકલાંગ, તેઓનો 11 દિવસનો ગુજરાત બહારનો શૈક્ષણિક પ્રવાસ અંકુર વિશિષ્ટ શાળાએ યોજીને પડકાર અને સાહસનો ઈતિહાસ બનાવ્યો છે. સાથે સખાવત પણ ભળતા દિલ્હી, હરિદ્વાર, આગ્રા, જયપુર વગેરે સ્થળોના આ સંપૂર્ણ પ્રવાસનો ખર્ચ માતા શાંતુબેનની પ્રેરણાથી પિનાકીનભાઈ શામજીભાઈ ગુજરાતીએ ઉઠાવ્યો છે.

મંદબુદ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા 'અંકુર'ના નેહલબેન ગઢવીએ વિગતો આપતા જણાવ્યુ હતુ કે, પ્રવાસ પડકારજનક હતો, પરંતુ આચાર્ય મેઘજીખાન સાયબાણી, બિન્દીબેન ત્રિવેદીના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ અગાઉથી



આયોજન કરીને દરેક શિક્ષકને 3 બાળકોની જવાબદારી સોંપી દીધી હતી. બાળકની સવારથી જ શિક્ષકોની સવાર પડતી. બીજા દિવસનું સમયપત્રક આગળની રાત્રિએ સમજાવીને બાળકોને માનસિક રીતે તૈયાર કરી દેવાતા હતા. શિક્ષકોએ સવારમાં ટુથપેસ્ટ-બ્રશ બાળકને હાથમાં આપી દઈને રાત્રે પથારીમાં સુવરાવવા સુધીની કાળજી લેવાની હતી. જે અમારી ટીમે સફળતાપૂર્વક કરી બતાવ્યું.

## હૃદયસ્પર્શી સફરના લાગણીસભર દ્રશ્યો

મંદબુદ્ધિ ધરાવતા આ બાળકો લાલકિલ્લો જોઈને 'ભારત માતા કી જય' પુકારી સલામી આપતા ત્યારે તેમના ચહેરા પર કર્તવ્યનિષ્ઠ નાગરિક ડોકિયા કરતો હતો. કુતુબમિનારની ઊંચાઇ, લોટ્સ ટેમ્પલની શાંતિ, અક્ષરધામની હોડીમાં ભારત ઈતિહાસ દર્શન તેમની દિલ્હી હૈ મેરે યારની પ્રતિતિ કરાવતા હતા. હરિદ્વારના પ્રાચીન-અર્વાચીન મંદિરોમાં નિર્દોષ બાળક તો આગ્રામાં તાજમહેલની સફરમાં એક અનોખું વિસ્મય તેમની આંખોમાં ઝળહળતું દિસતું હતું.

## આ બાળકો જીવનનું શ્રેષ્ઠ ચિત્ર નિહાળે તેવો હેતુ

માનસિક વિકલાંગ બાળકો જીવનનું શ્રેષ્ઠ ચિત્ર નિહાળે, જગતના શ્રેષ્ઠ અનુભવો તેમને પ્રાપ્ત થાય, આસપાસની શ્રેષ્ઠ સગવડો અને ફેરફારોનો નજીકથી લ્હાવો લ્યે તેવો અમારો પ્રયાસ છેલ્લા 35 વર્ષથી રહ્યો છે અને તેના ભાગરૂપે આ પડકારજનક પ્રવાસનું પણ આયોજન હાથ ધર્યુ હતું. » **મેઘજીખાન સાયબાણી**, આચાર્ય, અંકુર મંદબુદ્ધિ બાળકોની વિશિષ્ટ શાળા

# "Ankur" is an NGO working under one umbrella of P.N.R. Society, Bhavnagar

## P. N. R. Society

- PREVENTION & EARLY INTERVENTION
- POLIO ERADICATION
- CORRECTIVE SURGERY POLIO/CATARACT/CLEFT LIP CONGENITAL HEART DEFECT
- RESEARCH
- TRAINING FOR DOCTORS, CARE GIVERS, T.B.A. ETC.
- TEACHERS' TRAINING COURSE RECOGNISED BY RCI
- WORKSHOP FOR ARTIFICIAL LIMBS, AIDS & APPLIANCES
- TECHNOLOGY TRANSFER
- PHYSIO-OCCUPATIONAL THERAPY CENTRE
- C.P., M.R. & AUTISM CENTRE
- SIR JOHN WILSON MEMORIAL C. B. R. PROGRAMME
- AT&T TECHNOLOGICAL PARK FOR THE DISABLED

## K. L. Institute for the Deaf

- DEAFNESS PREVENTION
- AUDIO & SPEECH CLINIC
- SPECIAL & INTEGRATED EDUCATION
- VOCATIONAL TRAINING
- ADULT TRAINING WORKSHOP
- HOSTEL FOR BOYS & GIRLS
- BOOKS & TOYS LIBRARY
- SPORTS & CULTURAL ACTIVITIES
- TEACHERS' TRAINING COURSE RECOGNISED BY RCI
- MOTHERS' TRAINING & COUNSELLING
- MARRIAGE BUREAU

## પ્રવૃત્તિઓ

સમયના તકાદા પ્રમાણે અહીં જુદી જુદી સંસ્થાઓની સ્થાપના થઈ છે. અલગ અલગ ટ્રસ્ટોના નેજા હેઠળ અનેક પ્રવૃત્તિઓ સાથે મળીને થાય છે અને પી. એન. આર. સોસાયટી તમામ સંસ્થાઓને નેતૃત્વ પૂરું પાડે છે તે સફળતાનું રહસ્ય છે.

## K. K. School & Home for the Blind & N.A.B.

- BLINDNESS PREVENTION
- SPECIAL & INTEGRATED EDUCATION
- BRAILLE LIBRARY
- BRAILLE PRESS
- ADULT TRAINING WORKSHOP
- TEACHERS' TRAINING COURSE RECOGNISED BY RCI
- MUSIC & SPORTS
- HOSTEL FOR BOYS & GIRLS
- N. A. B. PLACEMENT BUREAU
- LOW VISION CENTRE

## ACTIVITIES

In the wake of requirement from time to time, various Institutions and different Trusts are created. In spite of various Institutions and different Trusts, multifaceted activities are being carried out under the able and dynamic leadership of P. N. R. Society and that is the secret of success.

## 'Ankur' School for the Mentally Retarded Children

- MENTAL HYGIENE CLINIC
- BEHAVIOUR MODIFICATION
- GROUP ACTIVITIES & SPECIAL EDUCATION
- SPEECH, LANGUAGE & HEARING INTERVENTION
- SPECIAL & INTEGRATED EDUCATION
- TEACHERS' TRAINING COURSE RECOGNISED BY RCI
- VOCATIONAL TRAINING
- SPORTS & CULTURAL ACTIVITIES
- PARENT COUNSELLING
- GENETIC COUNSELLING

**LITTLE EFFORT GOES LONG WAY**



P.N.R. Society and Associate NGOs


આહલાદક સુગંધ
વાતાવરણમાં લાવે રંગત...
તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...
मज़ा अगरबत्ती
करोड़पती अगरबत्ती
સિલ્વર પેકમાં
डेनिम Flora
SANDAL Agarbatti
डेनिम अगरबत्ती
...ઉત્પાદક...
શશી ઈન્ડસ્ટ્રીઝ
ભાવનગર-અમદાવાદ-બેંગલોર
e-mail : shashiho@sancharnet.in


કબજીયાત
એ શરીરની અનેક તકલીફોનું મૂળ છે.
ISO 9001 : 2008 તથા GMP પ્રમાણિત
SHETH BROTHERS
AYURVEDIC MEDICINE
KAYAM CHURNA
કાયમ ચૂર્ણ
USEFUL IN CHRONIC CONSTIPATION, HEADACHE, HYPERACIDITY ETC.
CAN BE TAKEN DAILY WITHOUT HARM
SHETH BROS.
કબજીયાત
એસિડિટી,
ગેસ,
અપચો,
માથાનો દુખાવો,
મોઢામાં ચાંદા
આયુર્વેદિક
કાયમ ચૂર્ણ
વર્ષો જુની કબજીયાત દૂર કરી તેના કારણે ઊભી થતી તકલીફોથી આપને બચાવી શીતળતા અર્પી સ્ફૂર્તિમય દિવસ પસાર કરવાની પ્રેરણા આપે છે.
ભાવનગરવાળા શેઠ બ્રધર્સનું ઉત્પાદન
ગુજરાતના સુપ્રસિદ્ધ વૈદ્ય શ્રી રસિક કે. શેઠની ફોર્મ્યુલાના આધારે નિર્દોષ ઔષધિ-વનસ્પતિઓમાંથી બનાવેલ
કાયમ ચૂર્ણ
અસરકારક, સુરક્ષિત અને આડઅસર રહિત છે.
www.kayamchurna.com